dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-09 | Issue-133 | AD-2026, Fagan Sud - 01 | Wednesday, Dt. 18-02-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


**સમિટમાં રાજ્યપ્રમુખો, સરકારના વડાઓ, મંત્રીઓ, વૈશ્વિક ટેક્નોલોજી નેતાઓ, સંશોધકો, બહુપક્ષીય સંસ્થાઓ અને ઉદ્યોગ જગતના પ્રતિનિધિઓ લઈ રહ્યા છે ભાગ**

## એઆઈનો ઉપયોગ સર્વના હિત માટે થવો જોઈએ : પીએમ મોદી

નવી દિલ્હી,તા.૧૭

નવી દિલ્હીમાં યોજાઈ રહેલી પાંચ દિવસીય ઈન્ડિયા એઆઈ ઈમ્પેક્ટ સમિટ ૨૦૨૬ ના બીજા દિવસે, નરેન્દ્ર મોદી એ સ્પષ્ટ રીતે જણાવ્યું કે સમિટનો મુખ્ય હેતુ એ શોધવાનો છે કે કૃત્રિમ બુદ્ધિમત્તા (એઆઈ)નો ઉપયોગ સમાજના દરેક વર્ગના હિત અને લાભ માટે કેવી રીતે કરી શકાય. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું કે બુદ્ધિ, તર્કસંગતતા અને યોગ્ય નિર્ણય લેવાની ક્ષમતા વિજ્ઞાન અને ટેકનોલોજીને જનકલ્યાણ માટે ઉપયોગી બનાવે છે. સમિટ એ જ દિશામાં વિચારવિમર્શ માટેનું મહત્વપૂર્ણ મંચ છે. સોમવારથી શરૂ થયેલી આ સમિટમાં રાજ્યપ્રમુખો, સરકારના વડાઓ, મંત્રીઓ, વૈશ્વિક ટેકનોલોજી નેતાઓ, સંશોધકો, બહુપક્ષીય સંસ્થાઓ અને ઉદ્યોગ જગતના પ્રતિનિધિઓ ભાગ લઈ રહ્યા છે. ગ્લોબલ સાઉથમાં આ પ્રકારની વિશાળ વૈશ્વિક પરિષદનું આયોજન પ્રથમ વખત થઈ રહ્યું છે, જે ભારતની વધતી ટેકનોલોજીકલ ભૂમિકા દર્શાવે છે. સમિટનો ઉદ્દેશ સમાવેશી વિકાસને પ્રોત્સાહન આપવો, જાહેર પ્રણાલીઓને વધુ મજબૂત બનાવવી અને ટકાઉ વિકાસ માટે એઆઈનો અસરકારક ઉપયોગ સુનિશ્ચિત કરવો છે. ૨૦ ફેબ્રુઆરીએ સમાપ્ત થનારી આ સમિટમાં ૧૦૦થી વધુ સરકારી પ્રતિનિધિઓ હાજરી આપી રહ્યા છે, જેમાં ૨૦થી વધુ દેશોના રાજ્યપ્રમુખો અને ૬૦થી વધુ મંત્રીઓ તથા નાયબ મંત્રીઓનો સમાવેશ થાય છે. ઉપરાંત, ૫૦૦થી વધુ વૈશ્વિક એઆઈ નેતાઓ, જેમાં સીઈઓ, સ્ટાર્ટઅપ સ્થાપકો, શિક્ષણવિદો, સંશોધકો, સીટીઓ




અને પરોપકારી સંસ્થાઓના પ્રતિનિધિઓ સામેલ છે, ભાગ લઈ રહ્યા છે. ૧૯ ફેબ્રુઆરીએ વડા પ્રધાન નરેન્દ્ર મોદી ઉદ્ઘાટન ભાષણ આપશે, જેમાં તેઓ વૈશ્વિક સહયોગ માટે દિશા નિર્ધારિત કરશે અને જવાબદાર તથા સમાવેશી એઆઈ માટે ભારતનું વિઝન રજૂ કરશે. સમિટનું મુખ્ય આકર્ષણ ત્રણ વૈશ્વિક અસર પડકારો છે, જે ગ્રાન્ડ ફિનાલે શોકેસ સાથે પૂર્ણ થશે. સમાવેશી, જવાબદાર અને વિકાસલક્ષી એઆઈને પ્રોત્સાહન આપવા માટે આ પડકારો શરૂ કરવામાં આવ્યા છે. આ પહેલ રાષ્ટ્રીય પ્રાથમિકતાઓ અને વૈશ્વિક વિકાસ લક્ષ્યો સાથે સંકળાયેલા સ્કેલેબલ અને ઉચ્ચ અસરકારક ઉકેલો વિકસાવવા માટે પ્રેરિત કરે છે. આ પડકારોને ૬૦થી વધુ દેશોમાંથી કુલ ૪,૬૫૦થી વધુ અરજીઓ પ્રાપ્ત થઈ છે, જે ભારત પ્રત્યેનો વૈશ્વિક વિશ્વાસ અને જવાબદાર એઆઈ નવીનતામાં ભારતના ઉદયને દર્શાવે છે. વિવિધ ક્ષેત્રોના નિષ્ણાતો, નીતિ નિર્માતાઓ અને ઉદ્યોગ નેતાઓ દ્વારા બહુસ્તરીય મૂલ્યાંકન બાદ ત્રણેય શ્રેણીઓમાં ટોચની ૭૦ ટીમોને ફાઈનલિસ્ટ તરીકે પસંદ કરવામાં આવી છે. આ ટીમોને નીતિ નિર્માતાઓ, રોકાણકારો અને ઉદ્યોગ નેતાઓ સાથે જોડાવાની તક મળશે, જેથી તેમની નવીનતાઓને રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે પ્રોત્સાહન મળે. ૧૮ ફેબ્રુઆરીએ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી હૈદરાબાદના સહયોગથી એઆઈ અને તેના વ્યાપક પ્રભાવ પર એક મહત્વપૂર્ણ સંશોધન પરિસંવાદ યોજાયો. આ પરિસંવાદ સમિટનું મુખ્ય શૈક્ષણિક મંચ છે, જ્યાં એઆઈના વિવિધ પાસાઓ પર ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી. આફ્રિકા, એશિયા અને લેટિન અમેરિકા સહિત અનેક દેશોમાંથી લગભગ ૨૫૦ સંશોધન પ્રસ્તાવો પ્રાપ્ત થયા, જે વૈશ્વિક રસ અને સહભાગિતાનું પ્રતિબિંબ છે. આ રીતે, ઈન્ડિયા એઆઈ ઈમ્પેક્ટ સમિટ ૨૦૨૬ માત્ર એક પરિષદ નહીં પરંતુ એઆઈને માનવ કલ્યાણ માટે ઉપયોગી બનાવવાના વૈશ્વિક સંકલ્પનું પ્રતિક બની રહી છે.

## ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનનું ભારતમાં આગમન : વડાપ્રધાન મોદીએ કર્યું સ્વાગત

નવી દિલ્હી,તા.૧૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર ટ્વીટ કરીને ભારતની મુલાકાતે આવેલા ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનનું હાર્દિક સ્વાગત કર્યું. તેમણે પોતાના સંદેશમાં લખ્યું, "ભારતમાં આપનું સ્વાગત છે! અમે આપની મુલાકાત અને ભારત-ફ્રાન્સ સંબંધોને નવી ઊંચાઈએ પહોંચાડવાની આતુરતાથી રાહ જોઈ રહ્યા છીએ." મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે બંને દેશો



વચ્ચેની ચર્ચાઓ વિવિધ ક્ષેત્રોમાં સહકારને વધુ મજબૂત બનાવશે અને વૈશ્વિક પ્રગતિમાં મહત્વપૂર્ણ ફાળો આપશે.

રાષ્ટ્રપતિ મેક્રોન અને ફર્સ્ટ લેડી બ્રિજિટ મેક્રોન મુંબઈ પહોંચ્યા, જ્યાં મહારાષ્ટ્રના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે તેમનું સ્વાગત કર્યું. તેમની મુલાકાત ૧૯ ફેબ્રુઆરી સુધી ચાલવાની છે. મુલાકાત દરમિયાન બંને નેતાઓ કૃત્રિમ બુદ્ધિ, ડિજિટલ શાસન અને સાયબર સુરક્ષા જેવા ક્ષેત્રોમાં સહયોગ વધારવા અંગે ચર્ચા કરશે. રક્ષા સહકાર અંતર્ગત ૧૧૪ રાફેલ લડાકૂ વિમાનો અંગેનો મહત્વપૂર્ણ સોદો પણ ચર્ચાનો કેન્દ્ર બનશે. ઉપરાંત, અવકાશ, પરમાણુ ઊર્જા અને ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં દરિયાઈ સુરક્ષા જેવા મુદ્દાઓ પર પણ વ્યાપક ચર્ચા થવાની અપેક્ષા છે.

## બાંગ્લાદેશમા તારિક રહેમાને વડા પ્રધાન તરીકે શપથગ્રહણ કર્યા, હિન્દુ નેતાને મંત્રીમંડળમાં સ્થાન

બાંગ્લાદેશ,તા.૧૭

બાંગ્લાદેશમાં નવી સરકારની રચના સાથે તારિક રહેમાને વડા પ્રધાન તરીકે શપથ લીધા છે. બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (બીએનપી)ના પ્રમુખ તરીકે તેઓ સત્તામાં આવ્યા છે. રાષ્ટ્રપતિ મોહમ્મદ શહાબુદ્દીન દ્વારા તેમને શપથ લેવડાવવામાં આવ્યા. શપથવિધિ ઢાકામાં આવેલી રાષ્ટ્રીય સંસદ ભવનના દક્ષિણ પ્લાઝામાં યોજાઈ હતી. ૧૨ ફેબ્રુઆરીએ યોજાયેલી સંસદીય ચૂંટણીમાં બીએનપીએ



૨૦૯ બેઠકો જીતી હતી, જ્યારે તેના સાથીદારોને ત્રણ બેઠકો મળી હતી. કુલ ૫૦ સભ્યોના મંત્રીમંડળમાં ૨૫ મંત્રીઓ, ૨૪ રાજ્યમંત્રીઓ અને ત્રણ ટેક્નોક્રેટનો સમાવેશ થાય છે. નોંધપાત્ર રીતે, મોટાભાગના સભ્યો પ્રથમ વખત મંત્રી બન્યા છે. નવી સરકારમાં લઘુમતી સમુદાયને પણ પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું છે. હિન્દુ નેતા નિતાઈ રોય ચૌધરી અને બૌદ્ધ નેતા દીપેન દીવાન ચકમાએ મંત્રી તરીકે શપથ લીધા છે. બંને અનુભવી રાજકારણીઓ છે અને પોતાની-પોતાની મતવિસ્તારોમાંથી જીત મેળવી છે.

બીએનપીની આગેવાની હેઠળની સરકાર લગભગ બે દાયકાઓ બાદ ફરી સત્તામાં પરત ફરી છે, જે દેશની રાજકીય પરિસ્થિતિમાં મહત્વપૂર્ણ ફેરફાર માનવામાં આવે છે.

**શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની અને મુખ્યમંત્રીને મારી નાખવાના ઈ-મેઈલથી ખળભળાહટ**

## મોહાલીની હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા ભગવંત માનને ઝેર આપવાની ધમકી

ચંડીગઢ,તા.૧૭

મંગળવારે સવારે મોહાલીની અનેક ખાનગી અને સરકારી શાળાઓને બીજી વખત બોમ્બ વિસ્ફોટની ધમકી ઈમેલ દ્વારા મળી હતી. આ ઈમેલમાં શાળાઓ ઉપરાંત ફોર્ટિસ હોસ્પિટલ મોહાલીને પણ નિશાન બનાવવાનો ઉલ્લેખ હતો. નોંધનીય છે કે આ હોસ્પિટલમાં મુખ્યમંત્રી ભગવંત માનની સારવાર ચાલી રહી હોવાથી ત્યાં પહેલેથી જ કડક સુરક્ષા




વ્યવસ્થા લાગુ હતી. ઈમેલમાં દાવો કરવામાં આવ્યો હતો કે મુખ્યમંત્રીને ઘાતક 'પોલોનિયમ' ઝેર આપવામાં આવશે. પોલોનિયમ એક અત્યંત કિરણોત્સર્ગી તત્વ છે, જેનો ઉપયોગ ગંભીર ઝેર તરીકે થઈ શકે છે. ધમકી મળતાં જ જિલ્લા વહીવટીતંત્ર અને પોલીસ તંત્ર તાત્કાલિક એલર્ટ થઈ ગયું. સાવચેતીના પગલાંરૂપે બધી શાળાઓ તાત્કાલિક બંધ કરી દેવામાં આવી. શાળામાં આવેલા વિદ્યાર્થીઓને તેમના માતાપિતાને જાણ કરીને સુરક્ષિત રીતે ઘરે મોકલી આપવામાં આવ્યા. કેટલાક સ્થળોએ સ્કૂલ બસોને રસ્તામાંથી જ પરત ફેરવવામાં આવી. પોલીસે તમામ શંકાસ્પદ સ્થળોએ સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે. શાળાઓ અને હોસ્પિટલ પરિસરમાં બોમ્બ સ્ક્વોડ, સ્નિફર ડોગ સ્ક્વોડ, એમ્બ્યુલન્સ અને ભારે પોલીસ બંદોબસ્ત તૈનાત કરવામાં આવ્યો છે. હોસ્પિટલ પરિસર અને આસપાસના વિસ્તારમાં ચેકિંગ અભિયાન હાથ ધરાયું છે, અને પ્રવેશ-નિષ્ક્રમણ પર કડક નજર રાખવામાં આવી રહી છે. જોકે, અત્યાર સુધી કોઈ શંકાસ્પદ વસ્તુ મળી આવી નથી અને પ્રાથમિક તપાસ મુજબ બોમ્બ ધમકી ખોટી સાબિત થઈ છે. 'ખાલિસ્તાન નેશનલ આર્મી'ના નામે મોકલાયેલ ઈમેલની સાયબર સેલ દ્વારા ટેકનિકલ તપાસ શરૂ કરવામાં આવી છે. પોલીસે અફવાઓથી દૂર રહેવા અને શાંતિ જાળવવા અપીલ કરી છે. વહીવટીતંત્રે ખાતરી આપી છે કે પરિસ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણમાં છે અને પૂરતી સુરક્ષા વ્યવસ્થા અમલમાં છે.


## ચાર ધામ યાત્રા માટે ઓનલાઈન નોંધણીમાં ફેરફાર, ભક્તોએ હવે ફી ચૂકવવી પડશે

દહેરાદૂન,તા.૧૭

ઉત્તરાખંડ સરકારે ચાર ધામ યાત્રા માટેની ઓનલાઈન નોંધણી પ્રક્રિયામાં મહત્વપૂર્ણ ફેરફાર કર્યા છે. હવે યાત્રાળુઓને ઓનલાઈન નોંધણી માટે નિશ્ચિત ફી ચૂકવવી પડશે. ગઢવાલ વિભાગના અધિક કમિશ્નરની અધ્યક્ષતામાં સમિતિ રચાઈ છે, જે શક્ય તેટલી વહેલી તકે ફીની રકમ નક્કી કરશે. ગઢવાલ કમિશ્નર વિનય શંકર પાંડેના જણાવ્યા અનુસાર, નકલી નોંધણીઓ



અટકાવવા માટે ઓછામાં ઓછી ૧૦ રૂપિયાની ફી વસૂલવાની ભલામણ કરવામાં આવી છે. ઉત્તરાખંડ, જેને દેવભૂમિ તરીકે ઓળખવામાં આવે છે, વિશ્વપ્રસિદ્ધ હિંદુ તીર્થસ્થાનોનું કેન્દ્ર છે. ચાર ધામ યાત્રામાં યમુનોત્રી, ગંગોત્રી, કેદારનાથ અને બદ્રીનાથનો સમાવેશ થાય છે. આ યાત્રા આધ્યાત્મિક શાંતિ અને આત્મિક સંતોષ આપનારી માનવામાં આવે છે.







સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
બુધવાર, તા.૧૮-૦૨-૨૦૨૬

# સા.કુંડલાના યાર્ડમાં ૫૦૦૦ મેટ્રિક ટન ગોડાઉનનું કેન્દ્રીય મંત્રી અમિત શાહના હસ્તે ઈ-ખાતમુહૂર્ત

સાવરકુંડલા,તા.૧૭



ભારત સરકારે લોન્ચ કરેલ ખેડૂતો અને સહકારી સંસ્થાઓ માટે અતિ ઉપયોગી થાય તેવી મોટા કદના ગોડાઉનો બનાવવાની યોજના અંતર્ગત સાવરકુંડલા માર્કેટ યાર્ડ માટે સરકારે રૂ. ૩.૬૭ કરોડના ખર્ચે ૫૦૦૦ મેટ્રિક ટન ક્ષમતા ધરાવતું ગોડાઉનનું કામ મંજૂર કર્યું હતું. આ ગોડાઉનનું ઈ-ખાતમુહૂર્ત કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિતભાઈ શાહે આજે કરેલ હતું. માર્કેટયાર્ડમાં આજે તાલુકાના વિવિધ ગામો અને શહેરમાંથી વિશાળ સંખ્યામાં ખેડૂતો, પદાધિકારીઓ, માર્કેટયાર્ડ વેપારી મંડળના સભ્યો, માર્કેટયાર્ડના અને અન્ય સહકારી સંસ્થાના ડાયરેક્ટરો, સહકારી મંડળીના પ્રમુખો અને મંત્રીઓની વિશાળ હાજરી વચ્ચે અમિતભાઈ શાહે મહાત્મા મંદિર, ગાંધીનગરથી દેશના વિવિધ રાજ્યના સહકાર મંત્રીઓ, લેફ્ટનન્ટ ગવર્નર, સચિવોઓની ઉપસ્થિતિમાં ઈ-ખાતમુહૂર્ત કરેલ. આ ગોડાઉનમાં સરકાર તરફથી રૂપિયા ૧.૬૨ કરોડની સબસિડી મળશે અને ગોડાઉન નિર્માણ થવાથી ખેડૂતો, વેપારીઓને પોતાનો માલ સંગ્રહવા માટે ખુબજ ઉપયોગી થાય તેવી દીર્ઘકાલીન સુવિધા છે. યાર્ડના ચેરમેન દીપકભાઈ માલાણીના માર્ગદર્શનમાં સમગ્ર કાર્યક્રમનું આયોજન એપીએમસીમાં કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વા.ચેરમેન મહેશભાઈ લાખાણી, નગર પાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, તાલુકા પંચાયત પ્રમુખ જીતુભાઈ કાછડિયા, જિલ્લા પંચાયત સદસ્ય શરદભાઈ ગૌદાની, લાલભાઈ મોર, તાલુકા ભાજપ પ્રમુખ રજનીભાઈ ડોબરિયા, પૂર્વ પ્રમુખ જીવનભાઈ વેકરીયા, શહેર ભાજપ પૂર્વ પ્રમુખ પ્રવીણભાઈ સાવજ, પ્રતિકભાઈ નાકરાણી વગેરે અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી જિલ્લાની આખરી મતદારયાદી પ્રસિધ્ધ કરતા કલેક્ટર

અમરેલી,તા.૧૭

| વિધાનસભા મતવિસ્તાર | કુલ મતદારોની સંખ્યા |
|---|---|
| ૯૪-ધારી | ૨,૦૭,૨૦૯ |
| ૯૫-અમરેલી | ૨,૪૯,૮૬૮ |
| ૯૬-લાઠી | ૨,૧૦,૫૧૬ |
| ૯૭-સાવરકુંડલા | ૨,૨૫,૩૫૯ |
| ૯૮-રાજુલા | ૨,૫૪,૨૪૮ |

અમરેલી જિલ્લાની આખરી મતદારયાદી પ્રસિદ્ધી મતદારયાદી સુધારણા કાર્યક્રમ અને ઉદેશ્યભારતના ચૂંટણી પંચની સૂચના મુજબ, ૦૧-૦૧-૨૦૨૬ની લાયકાતની તારીખના આધારે અમરેલી જિલ્લામાં મતદારયાદી સુધારણા કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રક્રિયા ૨૮ ઓક્ટોબર ૨૦૨૫ થી ૧૭ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી ચાલી હતી. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ મતદારયાદીને સચોટ, પારદર્શક અને અપડેટ કરવાનો હતો, જેથી લાયક મતદારોના નામ ઉમેરી શકાય અને ક્ષતિરહિત યાદી તૈયાર થાય. વિધાનસભા મતવિસ્તાર મુજબ મતદારોની વિગતકલેક્ટર વિકલ્પ ભારદ્વાજ દ્વારા જાહેર કરાયા હતા.

# લાઠીના ભાલવાવ ગામના સુવિધાપથ માટે રૂ. ૮૦ લાખ મંજૂર કરાવતા ધારાસભ્ય જનક તળાવીયા

અમરેલી,તા.૧૭



અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના ભાલવાવ ગામે લાંબા સમયથી પ્રજાજનોની સુવિધાપથ (સી.સી. રોડ)ની મહત્વપૂર્ણ માંગ હતી. આ આંતરિક માર્ગ સુવિધા માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૮૦ લાખ મંજૂર કરવામાં આવ્યા છે. ભાલવાવ ગામે વસવાટ કરતા નાગરિકો, ખેડૂતો, વિદ્યાર્થીઓ તેમજ વેપારીઓને વર્ષોથી ખરાબ માર્ગોના કારણે અવરજવર કરવામાં ભારે મુશ્કેલી પડી રહી હતી. ખાસ કરીને વરસાદી ઋતુ દરમિયાન કાચા ત થા જર્જરિત રસ્તાઓ કારણે રોજિંદી આવાગમન, શાળા-કોલેજ, આરોગ્ય સેવા તથા ખેતી સંબંધિત વાહન વ્યવહાર અસરગ્રસ્ત થતો હતો. આ સમસ્યાને ધ્યાનમાં રાખી ધારાસભ્ય જનક તળાવીયાએ સરકાર સમક્ષ વારંવાર રજૂઆત કરી હતી. આ માર્ગ બનવાથી ગામના આંતરિક રસ્તાઓ મજબૂત બનશે, ટ્રાફિક સુવ્યવસ્થિત થશે અને ગ્રામજનોને વર્ષો સુધી ટકાઉ અને સુરક્ષિત માર્ગ સુવિધા પ્રાપ્ત થશે. ધારાસભ્ય જનક તળાવીયાએ આ અંગે જણાવ્યું હતું કે, "મારા વિસ્તારના દરેક ગામમાં મૂળભૂત સુવિધાઓ પહોંચે તે મારી પહેલી પ્રાથમિકતા છે. ભાલવાવ ગામે મંજૂર થયેલ આ સી.સી. રોડ ગામના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

# જાફરાબાદ તાલુકાના બાલાનીવાવમાં SRPF ગ્રુપ-૨૧ની કામગીરીમાં ભ્રષ્ટાચારની ફરિયાદ: વિજિલન્સ તપાસની માંગ

જાફરાબાદ,તા.૧૭

જાફરાબાદ તાલુકાના બાલાનીવાવ ગામે આવેલ રાજ્ય અનામત પોલીસ દળ (SRPF) ગ્રુપ-૨૧ ની શરૂ થયેલી કામગીરીમાં મોટાપાયે ભ્રષ્ટાચાર આચરવામાં આવતો હોવાની ફરિયાદ ઉઠી છે. બાલાનીવાવ ગ્રામ પંચાયતના સરપંચ કરશનભાઈ જે. જોગદિયા અને ઉપસરપંચ પહુભાઈ એમ. વરૂ દ્વારા રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીને પત્ર લખીને આ અંગે તાત્કાલિક વિજિલન્સ તપાસની માંગ કરવામાં આવી છે.

ગ્રામ પંચાયત દ્વારા કરવામાં આવેલી રૂબરૂ સ્થળ તપાસમાં જણાયું હતું કે, દિવાલના પુટીંગ અને બિલ્ડીંગના કામમાં પ્લાન એસ્ટીમેન્ટ કે ટેન્ડરના નીતિ-નિયમો મુજબ કામ થતું નથી. કોલમના પુટીંગમાં અને બિલ્ડીંગના ખોદકામમાં બ્લેક રબલ વાપરવાની જગ્યાએ હલકી ગુણવત્તાનું જીએસબી મટીરીયલ નાખવામાં આવ્યું છે. રબર પીચીંગમાં નદીની ધૂળવાળી રેતી વાપરવામાં આવે છે, જ્યારે કોંક્રિટમાં સ્થાનિક ખારાશવાળું પાણી વપરાતા આર.સી.સી. બાઉન્ડ્રી વોલમાં દરેક જગ્યાએ ક્રેક પડી ગઈ છે. સાઈટ પર RMC પ્લાન્ટ હોવા છતાં કોંક્રિટની ગુણવત્તા જળવાતી નથી અને સિમેન્ટ-કોંક્રિટનું પ્રમાણ પણ યોગ્ય ન હોવાનો સંદેહ વ્યક્ત કરાયો છે. અહીં ટેકનિકલ ધોરણો મુજબ કામ થતું નથી તેમજ યોગ્ય દેખરેખ અને ગુણવત્તા નિયંત્રણનો સદંતર અભાવ જોવા મળ્યો છે.

# બગસરાના જુની હળીયાદ પે-સેન્ટર શાળામાં ત્રિવિધ કાર્યક્રમ યોજાયો

બગસરા તા.૧૭



તસવીર : હાર્દિક બામટા

બગસરા તાલુકામાં આવેલી પીએમ શ્રી જૂની હળીયાદ પે સેન્ટર શાળામાં ત્રિવિધ કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવેલ, જેમાં શાળામાં બાળકોએ ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતા માતા-પિતાનું શાસ્ત્રોક વિધિથી પૂજન કરી માતા-પિતાનાં શુભ આશિષ મેળવ્યા હતા. આ સાથે બાળકોને પ્રત્યક્ષ વેપાર વાણિજ્યનું જ્ઞાન મળે એ માટે શાળા દ્વારા બાળ આનંદ મેળાનું આયોજન કરવામાં આવેલ હતું. શાળા દ્વારા શાળાની વિવિધ સિદ્ધિઓ અને સરકારી શાળાની વિવિધ યોજનાથી માહિતગાર કરવામાં આવેલ આ સમગ્ર કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં વાલીગણ ઉપસ્થિત રહી શાળાનાં આ ત્રિવિધ કાર્યક્રમને બિરદાવ્યો હતો.આ કાર્યક્રમમાં સરપંચ, ઉપ સરપંચ, એસ.એમ.સી. અધ્યક્ષ,બી.આર.સી.કો-ઓર્ડીનેટર, એસ.એમ.સી.સભ્યો અને ગામનાં આગેવાનો હાજર રહ્યા હતા.

# અમરેલી જિલ્લામાં બોગસ તબીબો સામે કાર્યવાહી કરવા ડીડીઓની કડક સુચના

અમરેલી,તા.૧૭

અમરેલી જિલ્લા પંચાયત ખાતે જિલ્લા વિકાસ અધિકારી શ્રી પરિમલ પંડ્યાના અધ્યક્ષસ્થાને બોગસ તબીબો અંગેની કમિટીની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં બોગસ પ્રેક્ટિસ કરતા તબીબો વિરુદ્ધ મળેલી ફરિયાદોની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી. DDOશ્રીએ સૂચના આપી હતી કે, જે ક્લિનિકો વિરુદ્ધ અગાઉ FIR નોંધાઈ હોય અને જો તે ફરી શરૂ થયા હોય, તો તેની ત્વરિત તપાસ કરવી. સાથે જ, હોમિયોપેથિક કે આયુર્વેદિક ડોક્ટરોની ડિગ્રીઓની ખરાઈ કરવા અને 'ક્લિનિક એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ ૨૦૨૩' હેઠળ તમામ સંસ્થાઓની નોંધણી ફરજિયાત કરવા જણાવાયું હતું. આગામી સમયમાં ૩ દિવસીય સ્પેશિયલ ડ્રાઈવ યોજીને કાયદેસરની કાર્યવાહી કરવાના આદેશ પણ આપવામાં આવ્યા છે.

# લાઠીના ઝરખીયા ગામે મધમાખીઓએ હુમલો કરતા ૬ વ્યક્તિ થયા ઘાયલ

**એક વ્યક્તિની હાલત નાજુક જણાતા અમરેલી રીફર કરાયા**

અમરેલી,તા.૧૭



લાઠી તાલુકાના ઝરખીયા ગામે મધમાખીઓના હુમલાથી ભારે અફરાતફરી મચી ગઈ હતી. ગામના પાદરમાં બેઠેલા ગ્રામજનો પર અચાનક ઝેરી મધમાખીઓના ઝુંડે હિંસક હુમલો કરતા ૬ વ્યક્તિઓ ઘાયલ થયા હતા.હુમલામાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા અશોકભાઈ દયારામભાઈ દેવમુરારી અને હરિભાઈ અરજણભાઈ ભરવાડને તાત્કાલિક લાઠી સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા. જ્યારે તુલસીભાઈ દેવમુરારીની હાલત વધુ નાજુક જણાતા તેમને અમરેલી સિવિલ હોસ્પિટલ રિફર કરવામાં આવ્યા હતા. આ ઘટનાને પગલે નાના એવા ગામમાં ભયનો માહોલ છવાયો છે.

**બગસરા ડેપોએ ૪૩ વાહનો દોડાવી ૩,૦૬,૯૨૭ રૂપિયાની આવક રળી**

# મહાશિવરાત્રીના મેળો અમરેલી એસ.ટી. ડિવિઝનને ફળ્યો, બગસરા ડેપો અવ્વલ

અમરેલી,તા.૧૭

જૂનાગઢના ભવનાથ ખાતે યોજાયેલ મહા શિવરાત્રીના મેળામાં અમરેલી એસટી ડિવીઝનને ૧૦.૪૬ લાખ રૂપિયાની આવક થઈ છે. આ અંગે અમરેલી એસટીના ડિવીઝનલ કન્ટ્રોલર ભાવેશ પટેલે જણાવ્યું હતું કે મહા શિવરાત્રી મેળાને લઈ પ્રતિ વર્ષની જેમ એકસ્ટ્રા બસનું સંચાલન કરવામાં આવ્યું હતું. મહાશિવરાત્રીના મેળામાં ભાવિકોને મુસાફરી દરમિયાન કોઈ અગવડ ને પડે તે માટે શિવરાત્રીના મેળાને લઈ કુલ ૧૪૩ વાહનોનો ઉપયોગ કરાયો હતો જેમણે ૨૮૨ ટ્રીપ કરી ૧૧૪૯૧ મુસાફરોને સેવા પૂરી પાડી હતી. કુલ ૨૯૩૭૩ કિમી સુધી વાહનો દોડાવી મુસાફરોને તેના ગંતવ્ય સ્થાન સુધી પહોંચાડી એસટીએ કુલ ૧૦૪૬૭૨૦ રૂપિયાની આવક રળી છે. આ સંચાલનમાં અમરેલી ઉપરાંત બગસરા,ધારી,કોડીનાર, રાજુલા, સાવરકુંડલા, ઉના કુલ ૭ ડેપો દ્વારા બસ ચલાવાઈ હતી જેમાં ૧૦.૪૬ લાખની આવક થઈ છે. આ આવકમાં બગસરા ડેપો સૌથી અવ્વલ રહ્યો હતો. બગસરા ડેપોએ ૪૩ વાહનો દોડાવી ૩,૦૬,૯૨૭ રૂપિયાની આવક રળી હતી. જે અમરેલી એસ.ટી. ડિવિઝનમાં આવેલા ડેપોની સૌથી વધુ આવક બની હતી.

# બાબરા શહેરમાં ભત્રીજાના અવસાનના આઘાતમાં કાકાએ પણ દમ તોડતા અરેરાટી

બાબરા,તા.૧૭





બાબરા શહેરમાં એક અત્યંત કરુણ અને હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જેમાં ભત્રીજાના મૃત્યુના સમાચાર સાંભળતા જ કાકાનું પણ હૃદયરોગના હુમલાથી અવસાન થયું છે. વિગતવાર માહિતી મુજબ, બાબરાની દ્વારકેશ સોસાયટીમાં રહેતા અને ટાયર-ટ્યુબના વ્યવસાય સાથે સંકળાયેલા હર્ષદભાઈ કાકુભાઈ છાટબારના ૪૩ વર્ષીય પુત્ર જેઠાભાઈનું તા. ૧૫ની મોડી સાંજે ટૂંકી માંદગી બાદ અવસાન થયું હતું. આ દુઃખદ સમાચાર તેમના કાકા પીયુષભાઈ કાકુભાઈ છાટબાર (ઉં.વ. ૫૧) ને ફોન દ્વારા મળતા જ તેઓ આઘાતમાં સરી પડ્યા હતા. પુત્ર સમાન ભત્રીજાના મોતના આઘાતને કારણે પીયુષભાઈને તાત્કાલિક છાતીમાં દુખાવો ઉપડ્યો હતો. તેમને તુરંત સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ટૂંકી સારવાર બાદ તેમણે પણ અંતિમ શ્વાસ લીધા હતા.







# ચલાલાના ગાયત્રી સંસ્કાર ધામ ખાતે મહાશિવરાત્રી પર્વે સોમનાથ મહાદેવની મહાપૂજા યોજાઈ

ચલાલા,તા.૧૭



ચલાલા સ્થિત ગાયત્રી સંસ્કાર ધામ ખાતે મહાશિવરાત્રી પર્વ પ્રસંગે બિરાજમાન દેવાધિદેવ સોમનાથ મહાદેવની મહાપૂજાનું ભક્તિભાવપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ પાવન પ્રસંગે મહાદેવને ત્રણ પાન, ચાર પાન અને પાંચ પાન વાળા વિશેષ બિલ્વપત્ર અર્પણ કરી પૂજા કરવામાં આવી હતી.આ ધાર્મિક કાર્યક્રમમાં સંસ્થાના વડા ડો. રતિદાદા, મંજુબા, રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા પરેશભાઈ મહેતા (કંપાલા), જર્મનીથી આવેલ કશ્યપભાઈ બોરીસાગર અને શીતલબેન મહેતાએ ખાસ ઉપસ્થિત રહીને મહાપૂજા, મહારુદ્રાભિષેક અને મહાઆરતીનો લાભ લીધો હતો. આ ઉપરાંત ગાયત્રી એજ્યુકેશન ગ્રુપના સ્ટાફગણે તેમજ ગ્રામજનોએ પણ મોટી સંખ્યામાં સોમનાથ મહાદેવના દર્શનનો લાભ લીધો હતો.

# કુંકાવાવના તરઘરી ગામે કુવામાંથી મહિલાનો મૃતદેહ મળી આવ્યો


**અમરેલી ફાયર વિભાગની ટીમ દ્વારા કામગીરી કરવામાં આવી**



અમરેલી,તા.૧૭

ગતરાત્રે અમરેલી ફાયર કંટ્રોલ રૂમમાં ટેલિફોનિક જાણ કરવામાં આવી કે અમરેલી જિલ્લાના કુકાવાવ તાલુકાના તરઘરી ગામના વાડી વિસ્તારમાં આવેલા એક ઊંડા કૂવામાં એક સ્ત્રી પડી ગઈ છે. જાણ મળતા જ ફાયર ઓફિસર એચ. પી. સરતેજાની આગેવાની હેઠળની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી.ફાયર ટીમે પોતાની સૂઝબૂઝ અને જોખમભરી કામગીરી દ્વારા કૂવામાં ઉતરી સ્ત્રીના મૃતદેહને બહાર કાઢ્યો હતો. બાદમાં મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સ્થાનિક પોલીસને સોંપવામાં આવ્યો હતો.આ બચાવ કામગીરીમાં કૃષ્ણભાઈ ઓળકિયા, પ્રવીણભાઈ ચૌહાણ, સવજીભાઈ ડાભી અને જયદીપભાઈ ઈસોટીયાએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. મૃતકનું નામ કાવ્યાબેન જીતુભાઈ બરાડે (ઉમર ૨૦ વર્ષ) હોવાનું જાણવા મળ્યું છે. તેઓ મૂળ મધ્યપ્રદેશ રાજ્યની રહેવાસી હતી. પોલીસ દ્વારા અકસ્માત અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# ખાંભાના ઉમરીયા ગામે ઊંડા કૂવામાં ખાબકેલા બળદ અને ગાડાનું રેસ્ક્યુ



અમરેલી,તા.૧૭

તારીખ ૧૬ના રોજ રાત્રે ૨૩:૧૦ કલાકે અમરેલી ડિઝાસ્ટર સેલ દ્વારા ફાયર કંટ્રોલ રૂમને જાણ કરવામાં આવી હતી કે ખાંભા તાલુકાના ઉમરીયા ગામે એક દુર્ઘટના ઘટી છે. વાસુરભાઈ કામલીયા પોતાની વાડી વિસ્તારમાં ગાડું લઈને જઈ રહ્યા હતા, ત્યારે અચાનક સિંહની ગર્જના સાંભળીને બળદ ભડક્યા હતા. જેના કારણે બળદ ગાડા સાથે ઊંડા કૂવામાં ખાબક્યા હતા.ઘટનાની જાણ થતા જ ફાયર ઓફિસર એચ.સી. ગઢવીની આગેવાની હેઠળ અમરેલી ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ટીમે પોતાની સૂઝબૂઝ અને ક્રેનની મદદથી જીવના જોખમે રેસ્ક્યુ કામગીરી હાથ ધરી હતી. ભારે જહેમત બાદ ગાડાને અને બંને બળદને બહાર કાઢવામાં આવ્યા હતા. કમનસીબે, આ ઘટનામાં એક બળદનું મૃત્યુ થયું હતું, જ્યારે બીજા બળદને સહી-સલામત બચાવી લેવામાં સફળતા મળી હતી. આ કપરી કામગીરીમાં હિંમતભાઈ બાંભણિયા, જગદીશભાઈ ભુરીયા, ધવલભાઈ ચાવડા અને અન્ય ત્રણ તાલીમાર્થીઓએ મહત્વનું યોગદાન આપ્યું હતું. ફાયર સ્ટાફની આ ત્વરિત અને સાહસિક કામગીરીને ઉમરીયાના ગ્રામજનોએ બિરદાવી હતી.

# ભારત-અમેરિકા ટ્રેડ ડીલનો વિરોધ : 'આપ'નું અમરેલી કલેકટરનો આવેદન




અમરેલી,તા.૧૭

અમેરિકા-ભારત ટ્રેડ ડીલને લઈને ગુજરાતમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. આમ આદમી પાર્ટી દ્વારા આ ડીલને ખેડૂતો, પશુપાલકો, નાના વેપારીઓ અને સામાન્ય નાગરિકો માટે નુકસાનકારક ગણાવી રાજ્યભરમાં વિરોધ નોંધાવવામાં આવ્યો છે. ગુજરાતના તમામ જિલ્લાઓમાં કલેક્ટર મારફતે રાજ્યપાલને આવેદનપત્ર પાઠવવામાં આવ્યા હતા. અમરેલી જિલ્લામાં જિલ્લા પ્રમુખ નિકુંજ સાવલિયા સહિત આગેવાનો અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. પાર્ટીના જણાવ્યા મુજબ, આ ટ્રેડ ડીલ દેશના સાર્વભૌમત્વ અને આર્થિક નીતિ માટે ગંભીર પડકાર સમાન છે.

ખાસ કરીને ડેરી ઉત્પાદનોને શૂન્ય આયાત શુલ્ક સાથે ભારતમાં પ્રવેશ મળશે તો સ્થાનિક પશુપાલકો પર તેની નકારાત્મક અસર પડશે. ઉપરાંત, અમેરિકન કૃષિ અને ઔદ્યોગિક ઉત્પાદનોને નિઃશુલ્ક પ્રવેશ આપવાથી ટેક્સટાઈલ, હીરા ઉદ્યોગ અને કૃષિ ક્ષેત્રને નુકસાન થવાની શક્યતા છે. જો ટેક્સટાઈલ ઉદ્યોગ અસરગ્રસ્ત થશે તો કપાસના ખેડૂતો પણ આર્થિક સંકટમાં સપડાઈ શકે છે. પાર્ટીએ ટ્રેડ ડીલની તમામ વિગતો પારદર્શક રીતે જાહેર કરવાની માંગણી કરી છે અને જરૂર પડે તો રાજ્યવ્યાપી આંદોલન કરવાની ચેતવણી આપી છે.

**તમામ વિગતો પારદર્શક જાહેર નહી થાય તો રાજયવ્યાપી આંદોલનની ચિમકી**

# વેરાવળ ઘરેથી ભાગેલી યુવતી ચિત્તલ રેલ્વે સ્ટેશનથી મળી આવી




અમરેલી,તા.૧૭

તારીખ ૧૩ના રોજ રાત્રે ૨૨:૫૫ વાગ્યે વેરાવળ–બાંદ્રા એક્સપ્રેસ (ગાડી નં. ૧૯૨૦૪) ચિત્તલ સ્ટેશનથી રવાના થયા બાદ, ફરજ પરના સ્ટેશન માસ્ટર રાકેશ રોશન પ્લેટફોર્મનું નિરીક્ષણ કરી રહ્યા હતા. આ દરમિયાન તેમને એક યુવતી એકલી બેઠેલી જણાઈ હતી. પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું કે તે વેરાવળની છે અને ઘરેથી ભાગીને આવી છે. પરિસ્થિતિની ગંભીરતા પારખીને સ્ટેશન માસ્ટરે ત્વરિત RPF કંટ્રોલ અને મહિલા હેલ્પલાઈન ૧૮૧ ને જાણ કરી હતી. ત્યારબાદ અમરેલી સિટી પોલીસ અને મહિલા પોલીસની ટીમ સ્થળ પર પહોંચી હતી. પોલીસે યુવતીના પરિવારજનોનો સંપર્ક કર્યો અને જરૂરી કાર્યવાહી બાદ સુરક્ષાના હેતુથી યુવતીને અમરેલી લઈ જવામાં આવી હતી.

# બગસરામાં શિવરાત્રીના મેળામાં ફરજ પરના પોલીસ કોન્સ્ટેબલે એટેક આવેલ વ્યક્તિનો જીવ બચાવ્યો



બગસરા,તા.૧૭

બગસરા પોલીસમાં ફરજ બજાવતા કોન્સ્ટેબલ દ્વારા મહાશિવરાત્રીના મેળા દરમિયાન એક વ્યક્તિનો જીવ બચાવીને ઉમદા કામગીરી કરવામાં આવી છે. મળતી વિગત મુજબ, બગસરા પોલીસમાં ફરજ બજાવતા ઉમેદભાઈ મહેતા મહાશિવરાત્રીના મેળામાં બંદોબસ્તની ફરજ પર મુકવામાં આવ્યા હતા. આ મેળામાં રવેડી નીકળવાના સમયે એક વ્યક્તિને અચાનક એટેક આવતા તે બેભાન થઈ ગયા હતા. આવા કપરા સમયે કોન્સ્ટેબલ ઉમેદભાઈએ પોતાની ફરજના ભાગરૂપે સત્વરે તે વ્યક્તિને તેડીને (ઊંચકીને) સારવાર અર્થે ખસેડ્યા હતા.

સમયસરની સારવાર મળવાથી હાલમાં તે વ્યક્તિ સુરક્ષિત છે. જીવ બચાવવા બદલ તે વ્યક્તિ અને તેમના પરિવાર દ્વારા બગસરા પોલીસના ઉમેદભાઈ મહેતાનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. પોલીસ જવાનની આ નિષ્ઠાવાન કામગીરીથી બગસરા પોલીસ તેમજ સમસ્ત રાજગોર સમાજનું માન વધ્યું છે.

**અચાનક થયેલા વિસ્ફોટથી ગામ લોકોમાં ભયનો માહોલ છવાયો**

# બાબરાના ગરણી ગામમાં રહસ્યમય ધડાકો થતા મકાન ધરાશાયી થયું



બાબરા,તા.૧૭

બાબરા તાલુકાના ગરણી ગામમાં આજે એક ભયાનક અને રહસ્યમય ધડાકો થતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. આ શક્તિશાળી વિસ્ફોટમાં એક મકાન સંપૂર્ણપણે ધરાશાયી થઈ ગયું છે, જ્યારે આસપાસના અન્ય ૪ થી ૫ મકાનોને પણ વ્યાપક નુકસાન પહોંચ્યું છે.ઘટનાની ગંભીરતા જોતા પોલીસ કાફલો અને વહીવટી તંત્ર તાત્કાલિક સ્થળ પર દોડી ગયું હતું. પ્રાથમિક તપાસમાં ગેસ સિલિન્ડર ફાટ્યો હોવાના કોઈ ચિહ્નો મળ્યા નથી. મકાન માલિક નાગજીભાઈ ચોપડાની પૂછપરછ કરવામાં આવી હતી અને એફ.એસ.એલની મદદથી વૈજ્ઞાનિક તપાસ હાથ ધરાઈ છે.તંત્ર દ્વારા ગ્રામજનોને અફવાઓથી દૂર રહેવા અપીલ કરવામાં આવી છે. જો આ ઘટના પાછળ કોઈ અકસ્માત સાબિત થશે, તો અસરગ્રસ્ત પરિવારોને સરકાર તરફથી યોગ્ય સહાય પૂરી પાડવાની ખાતરી પણ આપવામાં આવી છે. અચાનક થયેલા વિસ્ફોટથી ગામ લોકોમાં ભયનો માહોલ છવાયો છે.

**ઘટનાની જાણ થતા વહીવટી તંત્ર ઘટનાસ્થળે પહોંચ્યુ, આસપાસના મકાનોને પણ નુકસાન**

## અવસાન નોંધ

**ધોરાજી**

સ્વ.કિરીટગીરી ઈશ્વરગીરી મેઘનાથીનું તા.૧૫/૦૨/૨૦૨૬ના રોજ કૈલાસવાસ થયેલ છે. તેમનુ બેસણુ તા.૧૯/૦૨/૨૦૨૬ને ગુરૂવારના રોજ અમારા નિવાસસ્થાને પ્રયાગ સોસાયટી, જમાનવાડ રોડ, ધોરાજી ખાતે રાખેલ છે.

**બાબરા**

સ્વ.પિયુષભાઈ કાકુભાઈ છાટબાર (ઉ.વ.પ૧)નું તા.૧૬/૦૨/૨૦૨૬ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. તે હર્ષદભાઈ, જગદીશભાઈ, સ્વ.હરેશભાઈ તથા પરેશભાઈના નાનાભાઈ, લાલજીભાઈના મોટાભાઈ અને ગૌતમભાઈ, તૃપેશભાઈના પિતા થાય છે. તેમનુ બેસણુ તા.૧૯/૦૨/૨૦૨૬ના રોજ સાંજે ૪થી ૬ બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિની વાડી બાબરા ખાતે રાખેલ છે.

**બાબરા**

બ્રહ્મક્ષત્રિય જેઠાભાઈ હર્ષદભાઈ છાટબાર (ઉવ.૪૨)નું તા.૧૬/૨/૨૬ના અવસાન થયેલ છે. તે કાકુભાઈ હર્ષદભાઈ છાટબારના પુત્ર અને જગદીશભાઈ, સ્વ.હરેશભાઈ, સ્વ.પિયુષભાઈ તથા પરેશભાઈ, લાલજીભાઈના ભત્રીજા તથા ઉદયભાઈ, મિલનભાઈના મોટાભાઈ થાય છે. બેસણું તા.૧૯/૨/૨૬ના રોજ સાંજે ૪થી ૬ બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિની વાડી બાબરા ખાતે રાખેલ છે.

## શ્રી નેસડી-૨ પ્રાથમિક શાળા, નેસડી-૨

તા.ખાંભા, જિ.અમરેલી

-:: જાહેર હરરાજી ::-

શ્રી નેસડી-૨ પ્રાથમિક શાળા નેસડી-૨ તા.ખાંભા, જિ.અમરેલીના ૦૩ (ત્રણ) જર્જરિત ઓરડાના ઉભા ઈમલાની જાહેર હરરાજી તા. ૦૫-૦૩-૨૦૨૬ને ગુરૂવાર ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે કરવામાં આવનાર છે. તો રસ ધરાવનાર એજન્સીઓએ હરરાજીમાં ભાગ લેવા જણાવવામાં આવે છે.

-: શરતો :-

(૧) હરરાજીમાં ભાગ લેનાર એજન્સીઓએ ડિપોઝીટ પેટે રૂા. ૧૦૦૦/- રોકડથી જમા કરાવવાના રહેશે.
(૨) હરરાજીમાં ભાગ લેનાર એજન્સીએ પૈકી પસંદ થયેલ એજન્સીએ જે તે રકમ તે જ દિવસે ચેક/રોકડ સ્વરૂપે પ્રાથમિકા શાળા આચાર્યનાં ખાતામાં જમા કરાવવાની રહેશે.
(૩) પસંદ થયેલી એજન્સીએ કામ દિન -૧૦માં જગ્યા સમથળ કરી સોંપવાની રહેશે.
(૪) કામ સમયે કોઈપણ પ્રકારની જાનહાની કે નુકશાનની જવાબદારી જે તે એજન્સીની રહેશે
(૫) હરરાજીમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કરવાનો અધિકાર નેસડી-૨ આચાર્યને રહેશે.

સ્થળ : નેસડી-૨ પ્રાથમિક શાળા - નેસડી-૨, તા. ખાંભા, જી. અમરેલી
તારીખ : ૦૫/૦૩/૨૦૨૬ (ગુરૂવાર) સમય : ૧૧:૦૦ કલાકે

આચાર્યશ્રી
એસ.જે.અગ્રાવત
શ્રી નેસડી-૨ પ્રાથમિક શાળા,
તા.ખાંભા, જી. અમરેલી

## વિષય :- દસ્તાવેજ કરતા પુર્વેની જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર દેવરાજ વી ખાંભલીયા એડવોકેટ એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસ થી જાણ/તાકીદ કરવામા આવે છે. અમારા અસીલની સુચના અને ફરમાઈશ જેની આ જાહેર નોટીસ આપી જણાવુ છુ.

અમરેલી ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ તાલુકો :- લીલીયા, મોજે- બવાડી ના ખેડ ખાતા નં. ૩૬૩ જેના રે.સર્વે નં.૧૫૩ તથા ૧૫૪, જેનુ કુલ ક્ષેત્રફળ :- ૭-૬૯-૩૦ હે.આરે.ચો.મી. (૧) કમલેશભાઈ બેચરભાઈ ફુલતરીયા, (૨) સંગીતાબેન હંસરાજભાઈ વામજા W/O હર્ષદકુમાર બરાસરાઘ (૩)જયંતીલાલ વલ્લભભાઈ બારૈયા,ના નામે ચાલે છે. જે જુની શરતની છે. જે ખેતીની બીન પીયત જમીન સદરહુ જમીનના માલીક, કબજેદાર અને ધારણકર્તાના સયુંકત/સ્વતંત્ર નામે ચાલી આવેલ છે મજકુર મિલકતના ટાઈટલ સંપુર્ણ ચોખ્ખા, કલીયર, માર્કેટેબલ હોવાનુ જણાવીને તેમજ મજકુર મિલકતમાં તેઓ સીવાય અન્ય કોઈનો કોઈ પણ પ્રકારનો હકક, હીત, હીસ્સો, લાગ ભાગ ચાલી આવેલ નથી તેવું જણાવીને મજકુર મિલકત અમારા અસીલને વેચાણ આપવા માટે નકકી કરેલ છે. જેથી સદરહુ મિલકતમા જો કોઈનો વાંધો વિરોધ કે હકક, હીત, સંબંધ, લાગભાગ, દરદાવો કે ઈઝમેન્ટ તથા અન્ય કોઈપણ રીતે હકક હીસ્સો હોય અથવા તો કોઈ બેંક કે સંસ્થાનુ લેણુ હોય અગર તો તબદીલી અંગેના કોઈ પણ લખાણો હોય તો તેઓએ નીચેના સરનામે દિન-૭મા પુરાવા સહિત લેખીત જાણ કરવી. જો તેમ કરવામા કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે સદર મિલક્તમાં કોઈ વ્યક્તિ કે સંસ્થાના કોઈપણ પ્રકારનો હકક હીત, હીસ્સો કે લેણુ નથી અને હોય તો જતો કરેલ છે તેમાની અમારા અસીલ મજકુર મિલ્કત વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યાર પછી કોઈ પણ વ્યકિત કે સંસ્થાની કોઈપણ જાતની તકરાર વાંધો વિરોધ ચાલશે નહી અને તેવા ઈસમોને કોઈપણ જાતના હક્કો પ્રાપ્ત થશે નહી, જેની જનતાને નોંધ લેવી.

સરનામુ:-
દેવ કોર્પોરેટ ઓફીસ
ગ્રામ પંચાય કચેરીની સામે,
લીલીયા મોટા–૩૬૫૫૩૫
મો.૮૪૬૦૪૪૮૧૮૨,
મો.,૯૪૨૬૫ ૫૪૧૭૨

સહી
લી.આપનો વિશ્વાસુ


શું તમને સાંભળવાની તકલીફ છે ?



- નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
- પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય

કાનના મશીન



કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન

અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

TET / TAT / CCE
કોન્સ્ટેબલ / PSI
સ્પોકન ઈંગ્લિશ
નવી બેચમાં પ્રવેશ શરૂ...
માસિક ફી : Rs.1000/-
ઓજસ કલાસીસ - અમરેલી
દિપક ભટ્ટ - મો. ૯૮૭૯૭ ૬૯૪૫૧

GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો

ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો



ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો

અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.

ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ

સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.



BLUE BUDDHA
Shopping With us can be very rewarding
END OF SEASON SALE
BUY 1 GET 1 FREE
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
■ મનિષ વાકોતર
■ વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in
નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.

**તંત્રી લેખ**

# ભ્રષ્ટાચાર સામે ભારતના નૈતિક મૂલ્યોનુ ધોવાણ

ભ્રષ્ટાચાર કોઈપણ દેશ માટે ઘાતક રોગ સમાન છે. તે વિકાસની ગતિ ધીમી કરે છે, જનતાનો વિશ્વાસ તોડી નાખે છે અને લોકશાહી સંસ્થાઓને નબળી બનાવે છે. મહાન સંસ્કૃતિ અને ઐતિહાસિક વારસો ધરાવતા આપણા ભારત માટે ભ્રષ્ટાચાર લાંબા સમયથી પડકારરૂપ સમસ્યા રહી છે. છતાં તાજેતરમાં જાહેર થયેલા ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલ દ્વારા પ્રસિદ્ધ કરાયેલા કરપ્શન પરસેપ્શન ઈન્ડેક્સ (CPI) ૨૦૨૫ મુજબ ભારતે પોતાની સ્થિતિમાં થોડો સુધારો નોંધાવ્યો છે. ૧૮૨ દેશોની યાદીમાં ભારત ૯૬મા ક્રમેથી ૯૧મા ક્રમે પહોંચ્યું છે. આ સુધારો ભલે નાનો લાગે, પરંતુ તે સકારાત્મક દિશામાં આગળ વધવાનું સંકેત આપે છે. કરપ્શન પરસેપ્શન ઈન્ડેક્સ વિશ્વભરના દેશોમાં જાહેર ક્ષેત્રમાં ભ્રષ્ટાચાર અંગેની ધારણાઓના આધારે તૈયાર થાય છે. દેશોને ૦ થી ૧૦૦ સુધીના સ્કોર આપવામાં આવે છે, જેમાં વધુ સ્કોરનો અર્થ ઓછો ભ્રષ્ટાચાર થાય છે. આ સૂચકાંક માત્ર આંકડાકીય માપદંડ નથી, પરંતુ તે દેશની શાસનવ્યવસ્થા, પારદર્શિતા, કાયદાનું શાસન અને પ્રેસની સ્વતંત્રતાનુ પ્રતિબિંબ છે. ભારતનો ક્રમ સુધરવો એ દર્શાવે છે કે પારદર્શિતા વધારવા, ડિજિટલ પ્રણાલીઓ અમલમાં મૂકવા અને જવાબદારી મજબૂત કરવા માટેના પ્રયાસો ધીમે ધીમે અસરકારક બની રહ્યા છે. રિપોર્ટમાં એક ચિંતાજનક બાબત પણ દર્શાવવામાં આવી છે. ૨૦૧૨થી અત્યાર સુધીમાં વિશ્વભરમાં ૮૨૮ પત્રકારોની હત્યા થઈ છે, જેમાંથી મોટા ભાગના કેસ એવા દેશોમાં નોંધાયા છે જ્યાં CPI સ્કોર ૫૦થી ઓછો છે. આ હકીકત સ્પષ્ટ કરે છે કે જ્યાં ભ્રષ્ટાચાર વધારે હોય છે, ત્યાં સત્ય બહાર લાવનારા લોકો માટે જોખમ પણ વધારે હોય છે. પત્રકારોની સુરક્ષા લોકશાહી માટે અનિવાર્ય છે, કારણ કે તેઓ સત્તાધીશો પર નજર રાખે છે અને સમાજને સચેત બનાવે છે. ભ્રષ્ટાચાર સામેની લડાઈમાં સ્વતંત્ર અને નિર્ભય મીડિયા મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ભારત માટે આ રેન્કિંગ આશા અને ચેતવણી બંને આપે છે. ૯૧મો ક્રમ હજી સંતોષકારક નથી, પરંતુ સુધારાની દિશામાં આગળ વધવાનું પ્રતીક છે.

ભારત જેવી વિશાળ અને વૈવિધ્યસભર લોકશાહી માટે શાસનવ્યવસ્થા પારદર્શક અને જવાબદાર બનવી ખૂબ જરૂરી છે. સરકાર દ્વારા ડિજિટલ ઈન્ડિયા, ઓનલાઈન ટેન્ડરિંગ અને સીધા લાભ હસ્તાંતરણ જેવી યોજનાઓ ભ્રષ્ટાચાર ઘટાડવામાં મદદરૂપ થઈ શકે છે. ટેકનોલોજી માનવ હસ્તક્ષેપ ઘટાડે છે અને પ્રક્રિયાઓ વધુ પારદર્શક બનાવે છે. આ સાથે સાથે શિક્ષણ અને નૈતિક મૂલ્યોનું સંવર્ધન પણ એટલું જ મહત્વનું છે. કોલેજના વિદ્યાર્થીઓ માટે આ વિષય ખાસ પ્રાસંગિક છે, કારણ કે તેઓ આવતીકાલના નાગરિક અને ભાવિ નેતાઓ છે. જો યુવાનો ઈમાનદારી, જવાબદારી અને કાયદાના સન્માન જેવા મૂલ્યોને પોતાના જીવનમાં અપનાવે, તો ભવિષ્યમાં દેશ વધુ મજબૂત બની શકે છે. ભ્રષ્ટાચાર સામેની લડાઈ માત્ર કાયદાથી નહીં, પરંતુ માનસિકતા અને સંસ્કારોથી જીતાઈ શકે છે. અંતમાં કહી શકાય કે ભારતે ભલે નાનો સુધારો કર્યો હોય, પરંતુ આ સફર હજી લાંબી છે. ડેન્માર્ક, ફિનલેન્ડ અને સિંગાપોર જેવા દેશોની પ્રણાલીઓમાંથી પ્રેરણા લઈને અને પોતાના સંસ્થાગત માળખાને વધુ મજબૂત બનાવીને ભારત ભવિષ્યમાં વધુ ઊંચું સ્થાન પ્રાપ્ત કરી શકે છે. ભ્રષ્ટાચાર મુક્ત સમાજનું સ્વપ્ન ત્યારે જ સાકાર થશે જ્યારે સરકાર, સંસ્થાઓ અને નાગરિકો સૌ મળીને ઈમાનદારીને જીવનમૂલ્ય તરીકે સ્વીકારશે.

**યુવા નેતા મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ**

# અમરેલીમાં સરદાર પટેલ ગ્રુપ દ્વારા શિવરાત્રિ નિમિત્તે રુદ્રયાગ યજ્ઞ યોજાયો

અમરેલી,તા.૧૭



અમરેલી ખાતે સરદાર પટેલ ગ્રુપ અને દક્ષેશ્વર મહાદેવ મંદિર યુવક મંડળ દ્વારા શિવરાત્રી મહોત્સવ અંતર્ગત યુવા નેતા મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ રુદ્રયાગ યજ્ઞનું આયોજન કરવામાં આવેલ હતું. આ રુદ્રયાગ યજ્ઞમાં ૧૭ કુંડી કરવામાં આવેલ, જેમાં ૫૧ પાટલા નોંધાયેલ હતા. યજ્ઞમાં વૈદિક મંત્રોચ્ચાર દ્વારા આહુતિ આપવામાં આવી હતી. આ ઉપરાંત રુદ્રયાગ યજ્ઞના દર્શને ઈફકો અને ગુજકોમાસોલના અધ્યક્ષ દિલીપભાઈ સંઘાણી, સાંસદ પરસોત્તમભાઈ રૂપાલા, પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા, જિલ્લા ભાજપ અધ્યક્ષ અતુલભાઈ કાનાણી સહિતના મહાનુભવો પધાર્યા હતા. આ ઉપરાંત અમરેલી જિલ્લાના શિવભક્તોનો મેળાવડો જામ્યો હતો. આ રુદ્રયાગ યજ્ઞમાં ભાગ લેનાર તમામ શિવભક્તોને સરદાર પટેલ ગ્રુપ દ્વારા સ્મૃતિ ભેટ આપવામાં આવેલ હતી.

# મહુવા તાલુકાના નેસવડનો યુવક સગીરાને મધરાતે ભગાડી ગયો

રાજુલા, તા.૧૭

અમરેલી જિલ્લામાં સગીરાને ભગાડી જવાનો સીલસીલો યથાવત રહેવા પામ્યો છે. જેમાં રાજુલાના વિકટર નેસડા વિસ્તારમાં રહેતી એક સગીરાને મહુવાના નેસવડનો યુવક મધરાતે લગ્નની લાલચ આપી બદકામના ઈરાદે ભગાડી ગયો હતો. સગીરાના પિતાએ ભાવનગરના મહુવા તાલુકાના નેસવડ ગામે રહેતા નિતીનભાઈ ગીગાભાઈ બારૈયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપી તેમની સગીર પુત્રીને રાત્રિના એક વાગ્યાથી સાડા ત્રણ વાગ્યાના સમયગાળા દરમ્યાન તેમના ઘરેથી લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી ફોસલાવી, બદકામ કરવાના ઈરાદે કાયદેસરના વાલીપણામાથી ભગાડી લઈ ગયો હતો. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પી આઈ પી.બી.ચાવડા વધુ તપાસ કરી રહ્યા છે.

**પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પી આઈ પી.બી.ચાવડા વધુ તપાસ હાથ ધરી**

# અમરેલીમાં પતિએ પત્ની સાથે વગર વાંકે ઝઘડો કરી ઢીકાપાટુ માર્યા

**જાનથી મારવાની પણ ધમકી આપી**

અમરેલી, તા.૧૭

અમરેલીમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. પતિએ પત્ની સાથે વગર વાંકે ઝઘડો કરી ઢીકાપાટુ માર્યા હતા. તેમજ જાનથી મારી નાખવાની ધમકી પણ આવી હતી. આ અંગે મુળ વાંગધ્રા ગામના અને હાલ અમેરલીમાં રહેતા કુલસમબેન રસુલભાઈ ઉનડ (ઉ.વ.૪૬)એ પતિ રસુલભાઈ અભરામભાઈ ઉનડ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે,પતિએ તેમના નિકાહની તા.૨૨/૦૫/૨૦૦૩ થી તા.૧૫/૧૧/૨૦૨૫ સમયગાળા દરમ્યાન વાંગધ્રા તથા અમરેલી મુકામે અવારનવાર ઘરકામ બાબતે તેમજ કોઈ વાંક વગર ઝઘડો કરી મેણા ટોણા માર્યા હતા. ઉપરાંત શારિરીક માનસિક દુ:ખ ત્રાસ આપી ગાળો આપી ઢીકાપાટુનો મુંઢ માર મારી મારી નાખવાની ધમકી આપી હતી.

# જિલ્લામાં આપઘાતથી પાંચ લોકોનાં મોત

**રીકડીયા ગામની સીમમાં પતિ-પત્ની વચ્ચે રકઝક બાદ પતિએ ગળાફાંસો ખાધો**

અમરેલી, તા.૧૭

અમરેલી જિલ્લામાં વિવિધ બનાવમાં કુલ ૫ લોકોનાં મોત થયા હતા. અમરેલીના રીકડીયા ગામની સીમમાં પતિ-પત્ની વચ્ચે કામ બાબતે રકઝક બાદ પતિએ ગળાફાંસો ખાધો હતો. આ અંગે મૂળ મધ્ય પ્રદેશના અને હાલ રીકડીયા ગામે વાડીએ રહેતા કાશીરામ માંગીલાલ જમરે (ઉ.વ.૩૨) એ જાહેર કર્યા મુજબ, નાનુરામ માંગીલાલ જમરે (ઉ.વ.૨૮) ને તેની પત્ની સાથે કામ બાબતે બોલાચાલી થઈ હતી. જેનું મનમા લાગી આવતા તેના શેઠની બીજી વાડીએ આવેલ લીમડાના ઝાડ સાથે દોરડું બાંધી ગળા ફાંસો ખાઈ લેતા મરણ પામ્યો હતો. ધારીના ખીચા ગામે વાડીએ રહેતા નાનશીંગભાઈ દેવશીંગભાઈ મેડા (ઉ.વ.૨૨) એ જાહેર કર્યા મુજબ, સોનુબેન નાનશીંગભાઈ મેડાએ અગમ્ય કારણસર ઝેરી દવા પીધી હતી. જેનું સારવાર દરમિયાન મોત થયું હતું. રાજુલાના ચાંચબંદરમાં રહેતા કાનજીભાઈ રમેશભાઈ ચૌહાણ (ઉ.વ.૩૩)એ હાલ મોટા માચીયાળા ગામે રહેતા અને મૂળ ચાંચબંદરના મધુબેન કિશનભાઈ ગુજરીયાએ કોઈ અગમ્ય કારણસર પોતાની જાતે પોતાના ઝુપડામાં ગળાફાંસો ખાઈ લેતાં મરણ પામ્યા હતા. ચાંચબંદરમાં રહેતા ચંપાબેન ખોડાભાઈ શિયાળ (ઉ.વ.૩૫)એ જાહેર કર્યા મુજબ, તેમના મૃતક પતિ ખોડાભાઈ ઘેલાભાઈ શિયાળ (ઉ.વ.૩૯)ની આર્થિક સ્થિતિ ખૂબજ ખરાબ હતી. ઘણા સમયથી મજૂરી કામ મળતું ન હોવાથી ગળાફાંસો ખાઈ જતા મરણ પામ્યા હતા. અમરેલીમાં રહેતા કાળુભાઈ ભીખાભાઈ પરમાર (ઉ.વ.૫૦) એ જાહેર કર્યા મુજબ, વિલાસબેન કેશુભાઈ પરમાર (ઉ.વ ૪૦)નું હાર્ટ એટેક આવવાથી મોત થયું હતું. બનાવના પગલે પરિવારજનોમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો.

# ગજેરા કેમ્પસ-વિદ્યાસભામાં મહાશિવરાત્રી પર્વની ઉજવણી

અમરેલી,તા.૧૭



શાંતાબેન હરીભાઈ ગજેરા કેમ્પસ–વિદ્યાસભા સ્કૂલમાં ૧૪ ફેબ્રુઆરીના રોજ K.G થી ધોરણ-૧૨ (સાયન્સ,કોમર્સ, આર્ટસ) ગુજરાતી અને અગ્રેજી માધ્યમ વિભાગ દ્વારા મહાશિવરાત્રી પર્વની ભક્તિભાવપૂર્વક ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ વિદ્યાસભા કેમ્પસમાં આવેલ શિવ મંદિર ખાતે યોજાયો હતો. આ ઉજવણીનો મુખ્ય હેતુ નાનાં બાળકોમાં ધાર્મિકતા, સંસ્કાર અને ભારતીય સંસ્કૃતિ પ્રત્યે આદરભાવ વિકસાવવાનો હતો. આ પ્રસંગે આશરે ૧૮૦૦ વિદ્યાર્થીઓ દ્વારા ૫૦૦૧ પાર્થેશ્વર શિવલિંગનું નિમાર્ણ કરી વિધિવત મહાપૂજા કરવામાં આવી હતી. આ પ્રસંગે બાલમંદિરના વિદ્યાર્થીઓને શિવ મંદિરની મુલાકાત કરાવવામાં આવી, જ્યાં તેમણે ભગવાન શિવના દર્શન કરી પૂજા-અર્ચનામાં ભાગ લીધો. આ પ્રસંગે કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી ખાસ ઉપસ્થિત રહી પૂજા કરી હતી.

# બાબરામાં વાડી રહેતા પતિએ પત્નીને વહેલા જાગીને કામે ચડવાનું કહેતા લાગી આવ્યું

બાબરા, તા.૧૭

બાબરામાં વાડીએ રહીને મજૂરી કરતી એક પત્નીને તેના પતિએ વહેલા જાગીને કામે ચડવાનું કહેતા લાગી આવ્યું હતું અને ઝેરી દવા પીધી હતી.

આ અંગે મૂળ મધ્યપ્રદેશના અલીરાજપુરના ભીમીબેન રાકેશભાઈ જમરા (ઉ.વ.૨૮) એ જાહેર કર્યા મુજબ, તેમને તેના પતિએ વહેલાસર જાગીને ઘરકામ કરીને કામે ચડવા બાબતે ખીજાયા હતા.

જેથી તેમને મનમાં ગુસ્સો આવતા તે પોતાની મેળે પોતાના શેઠની વાડીના મકાને માંડવીમાં છાંટવાની ઝેરી દવા પી જતા ઉલ્ટી-ઉબકા થવા લાગતા સારવારમાં દાખલ કરી હતી.

**મનદુ:ખમાં ઝેરી દવા ગટગટાવી**

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૭૦ | ૧૫૯૬ |
| ઘઉં લોકવન | ૪૭૦ | ૫૧૦ |
| ઘઉં ટુકડા | ૪૬૬ | ૬૦૦ |
| જુવાર સફેદ | ૯૦૦ | ૧૨૨૪ |
| જુવાર લાલ | ૧૦૫૦ | ૧૨૩૪ |
| તુવેર | ૧૦૫૦ | ૧૫૩૫ |
| ચણા પીળા | ૯૪૦ | ૧૦૭૦ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૧૮૫૦ |
| અડદ | ૯૨૦ | ૧૬૨૫ |
| મગ | ૩૦૦ | ૧૮૦૦ |
| વાલ દેશી | ૯૦૦ | ૧૨૭૫ |
| ચોળી | ૮૦૦ | ૧૧૨૦ |
| મઠ | ૧૦૦૦ | ૧૫૫૦ |
| વટાણા | ૮૦૧ | ૧૩૫૫ |
| રાજમા | ૧૦૦૦ | ૧૮૨૬ |
| મગફળી જાડી | ૧૩૭૫ | ૧૫૪૮ |
| મગફળી જીણી | ૧૪૦૦ | ૧૫૭૦ |
| તલી | ૧૪૨૦ | ૨૦૩૪ |
| એરંડા | ૧૦૦૦ | ૧૨૭૦ |
| અજમો | ૧૩૫૦ | ૨૫૮૪ |
| સોયાબીન | ૯૩૨ | ૧૦૧૪ |
| સીંગફાડા | ૧૦૮૦ | ૧૭૭૦ |
| કાળા તલ | ૨૯૦૦ | ૪૪૦૦ |
| લસણ | ૯૬૦ | ૧૫૦૦ |
| ધાણા | ૧૪૭૦ | ૨૦૦૦ |
| મરચા સુકા | ૨૮૦૧ | ૪૫૭૦ |
| ધાણી | ૧૫૦૦ | ૨૪૫૦ |
| વરીયાળી | ૯૮૦ | ૧૬૪૦ |
| જીરૂ | ૩૮૭૦ | ૪૪૩૦ |
| રાય | ૧૦૮૦ | ૧૨૫૦ |
| મેથી | ૮૬૦ | ૧૩૫૦ |
| ઇસબગુલ | ૧૪૦૦ | ૨૦૦૦ |
| કલોંજી | ૩૫૦૦ | ૪૧૯૧ |
| રાયડો | ૮૮૦ | ૧૨૨૦ |
| ગુવારનું બી | ૯૦૦ | ૯૬૫ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૪૦૮ | ૮૨૩ |
| પપૈયા | ૯૧ | ૧૫૧ |

| | | |
|---|---|---|
| બટેટા | ૧૦૪ | ૨૦૯ |
| ડુંગળી સુકી | ૯૦ | ૩૦૧ |
| ટમેટા | ૧૦૮ | ૨૧૩ |
| સુરણ | ૭૧૬ | ૯૩૪ |
| કોથમરી | ૧૫૭ | ૨૦૩ |
| સકરીયા | ૪૨૭ | ૬૧૩ |
| મુળા | ૪૦૮ | ૬૧૧ |
| રીંગણા | ૨૯૮ | ૭૧૩ |
| કોબીજ | ૧૧૧ | ૧૫૩ |
| ફ્લાવર | ૩૦૬ | ૫૦૭ |
| ભીંડો | ૬૯૬ | ૧૨૦૧ |
| ગુવાર | ૧૧૮૭ | ૨૦૨૧ |
| ચોળાસીંગ | ૮૦૩ | ૧૧૯૨ |
| વાલોળ | ૪૧૧ | ૬૦૩ |
| ટીંડોળા | ૫૧૭ | ૧૦૧૬ |
| દુધી | ૧૨૧ | ૩૦૮ |
| કારેલા | ૮૧૩ | ૧૨૨૩ |
| સરગવો | ૬૨૭ | ૧૨૧૭ |
| તુરીયા | ૧૦૧૪ | ૧૪૦૬ |
| પરવર | ૧૬૨૫ | ૨૦૧૧ |
| કાકડી | ૧૯૧ | ૩૦૭ |
| ગાજર | ૨૧૧ | ૩૨૪ |
| વટાણા | ૪૨૭ | ૬૧૭ |
| તુવેરસીંગ | ૩૯૬ | ૫૮૮ |
| ગલકા | ૫૯૩ | ૮૧૧ |
| બીટ | ૯૬ | ૨૦૩ |
| મેથી | ૧૫૬ | ૨૧૩ |
| વાલ | ૫૦૭ | ૮૧૨ |
| ડુંગળી લીલી | ૨૦૯ | ૪૧૯ |
| આદુ | ૧૦૨૮ | ૧૨૧૪ |
| ચણા લીલા | ૧૧૩ | ૨૫૩ |
| મરચા લીલા | ૪૧૪ | ૬૦૭ |
| હળદર લીલી | ૪૨૬ | ૭૦૮ |
| લસણ લીલું | ૮૧૬ | ૧૦૨૫ |
| મકાઇ લીલી | ૧૮૪ | ૩૦૯ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૦૧ | ૧૫૬૬ |
| સિંગ ફાડીયા | ૮૦૦ | ૧૭૨૧ |
| એરંડા / એરંડી | ૧૦૫૧ | ૧૨૮૬ |

| | | |
|---|---|---|
| ડુંગળી લાલ | ૮૧ | ૨૭૬ |
| અડદ | ૧૦૫૧ | ૧૬૪૧ |
| તુવેર | ૧૧૦૦ | ૧૬૨૧ |
| રાયડો | ૧૧૩૧ | ૧૧૫૧ |
| રાય | ૧૨૨૬ | ૧૨૨૬ |
| મેથી | ૬૫૧ | ૧૩૨૧ |
| કાંગ | ૪૦૦ | ૬૧૧ |
| ગુવાર બી | ૮૧૧ | ૮૧૧ |
| સફેદ ચણા | ૧૦૦૦ | ૧૮૭૧ |
| તલ - તલી | ૧૨૫૧ | ૨૧૬૧ |
| ડુંગળી સફેદ | ૨૦૧ | ૨૮૧ |
| બાજરો | ૩૭૧ | ૩૭૧ |
| જુવાર | ૧૧૭૧ | ૧૧૭૧ |
| મગ | ૧૨૦૧ | ૧૮૩૧ |
| ચણા | ૯૫૧ | ૧૦૬૧ |
| વાલ | ૬૭૬ | ૧૨૪૧ |
| ચોળા / ચોળી | ૪૦૦ | ૯૫૧ |
| સોયાબીન | ૯૩૧ | ૧૦૩૧ |
| કળથી | ૩૦૧ | ૩૦૧ |
| ગોગળી | ૭૦૦ | ૧૦૭૧ |
| વટાણા | ૭૦૦ | ૯૩૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૬૦ | ૪૦૦ |
| મરચા | ૧૦૦ | ૧૪૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૨૪૦૦ |
| કોબી | ૬૦ | ૨૦૦ |
| દુધી | ૪૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૪૦ | ૩૦૦ |
| કાકડી | ૨૦૦ | ૬૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૧૦૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૧૬૦ | ૬૦૦ |
| ગાજર | ૨૦૦ | ૪૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૭૦૦ |
| તુવેર | ૩૦૦ | ૮૦૦ |
| વાલ | ૨૦૦ | ૧૦૦૦ |
| વટાણા | ૨૦૦ | ૭૪૦ |
| શક્કરીયા | ૨૦૦ | ૬૦૦ |
| બટેટા | ૧૫૦ | ૩૦૦ |

| | | |
|---|---|---|
| લીલી હળદર | ૪૦૦ | ૫૦૦ |
| ડુંગળી પુરા | ૨ | ૭ |
| કોથમીર પુરા | ૧ | ૫ |
| મૂળા પુરા | ૩ | ૮ |
| ફોદીનો પુરા | ૨ | ૩ |
| કાચા કેળા | ૧૦૦ | ૨૦૦ |
| પચકારુ | ૩૦૦ | ૮૦૦ |
| ચ્રૂણ | ૮૦૦ | ૧૦૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૧૦૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૧૦૦૦ |
| મેથી પુરા | ૧ | ૬ |
| બીટ પુરા | ૩ | ૧૨ |
| સરગવો પુરા | ૧૦ | ૩૦ |
| ચોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૨૦૦ | ૧૨૦૦ |
| વાલોર | ૨૦૦ | ૬૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૧૦૦ |
| આદુ | ૨૦૦ | ૧૪૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૩ | ૧૦ |
| પાલક પુરા | ૧ | ૪ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૧૧૭૦ | ૧૪૯૫ |
| ગીરનાર શિંગ૧૩૫૦૧ | ૫ | ૨ ૦ |
| શિંગ મોટી | ૯૦૦ | ૧૫૩૦ |
| શિંગ દાણા | ૧૨૩૦ | ૧૭૯૫ |
| શિંગ દાણા ફાડા | ૧૧૦૦ | ૧૯૫૫ |
| તલ સફેદ | ૧૧૦૫ | ૨૧૯૫ |
| તલ કાળા | ૩૩૦૦ | ૩૬૦૦ |
| જુવાર | ૫૦૦ | ૧૧૮૦ |
| ઘઉં ટુકડા | ૩૫૦ | ૫૬૫ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૫૪૦ |
| અડદ | ૬૮૦ | ૧૩૭૦ |
| ચણા | ૮૧૦ | ૧૦૬૦ |
| તુવેર | ૭૦૦ | ૧૫૦૦ |
| કપાસ | ૮૬૦ | ૧૬૦૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૬૦ |
| જીરુ | ૨૦૨૫ | ૩૯૫૦ |
| ધાણા | ૧૫૦૦ | ૧૯૫૦ |

| | | |
|---|---|---|
| ધાણી | ૧૪૦૦ | ૨૪૦૫ |
| અજમા | ૧૦૦૦ | ૧૮૦૦ |
| મેથી | ૮૦૦ | ૯૫૦ |
| સોયાબીન | ૮૫૦ | ૧૦૩૦ |
| મરચાં લાંબા | ૧૩૧૦ | ૬૫૦૦ |
| કાંગ | ૫૦૦ | ૫૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૩૧૦ | ૧૫૦૦ |
| શીંગ મોટી | ૧૩૩૦ | ૧૫૨૦ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૨૦૦૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૦૭૧ |
| કપાસ | ૧૪૦૦ | ૧૬૦૦ |
| ઘઉં લોકવન | ૪૩૦ | ૫૪૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૬૦ |
| બાજરો | ૩૦૦ | ૬૦૦ |
| જુવાર | ૬૫૦ | ૧૧૨૧ |
| અડદ | ૯૦૦ | ૧૩૧૦ |
| ચણા | ૯૨૦ | ૧૦૭૦ |
| દેશી ચણા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| તુવેર | ૧૩૦૦ | ૧૬૧૨ |
| એરંડી | ૧૦૫૦ | ૧૨૫૨ |
| ધાણા | ૧૫૦૦ | ૨૧૦૦ |
| સોયાબીન | ૮૦૦ | ૧૦૦૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૪૦૦ | ૧૬૨૫ |
| કપાસ મીડી. | ૧૨૬૦ | ૧૩૮૦ |
| મગફળી | ૧૧૪૫ | ૧૫૧૫ |
| તલ સફેદ | ૧૬૩૫ | ૧૮૧૫ |
| જીરૂ | ૨૯૭૦ | ૪૦૦૦ |
| ચણા | ૯૫૫ | ૧૦૫૫ |
| ઘઉં | ૪૬૫ | ૫૨૫ |
| તુવેર | ૧૦૨૫ | ૧૪૧૫ |
| ધાણા | ૧૨૧૦ | ૧૮૬૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૯૨ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૦૦ |
| ઘઉ ટુકડા | ૪૫૦ | ૫૦૩ |
| ચણા | ૭૪૫ | ૧૦૩૮ |
| ધાણા | ૧૩૫૫ | ૧૭૨૫ |

| | | |
|---|---|---|
| તલ સફેદ | ૧૨૨૦ | ૨૦૦૦ |
| સોયાબીન | ૮૩૦ | ૧૦૧૭ |
| મગફળી | ૧૧૦૦ | ૧૩૧૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૫૫ |
| શીંગ દાણા | ૧૩૯૦ | ૧૪૯૦ |
| અડદ | ૮૦૦ | ૧૨૦૦ |
| મકાઈ | ૫૦૦ | ૫૦૫ |
| તલ કાળા | ૧૫૮૦ | ૧૫૮૦ |
| જુવાર | ૧૦૫૫ | ૧૦૭૦ |
| લસણ | ૩૦૦ | ૩૦૦ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૦૯૦ | ૧૫૯૪ |
| કપાસ સી ગ્રેડ | ૯૪૫ | ૧૦૦૫ |
| **ધારી** | | |
| મગફળી | ૧૦૩૫ | ૧૨૯૫ |
| ઘઉં | ૪૨૫ | ૫૨૬ |
| ચણા | ૯૨૦ | ૧૦૩૫ |
| તુવેર | ૧૧૦૦ | ૧૫૪૦ |
| તુવેર લાલ | ૮૨૦ | ૧૨૨૦ |
| ધાણા | ૧૫૮૦ | ૧૭૧૭ |
| શીંગ દાણા | ૧૫૨૦ | ૧૫૨૦ |
| સોયાબીન | ૫૫૦ | ૯૦૧ |
| કાળા તલ | ૩૨૧૦ | ૩૨૧૦ |
| મકાઇ | ૪૨૦ | ૪૨૦ |
| કલોજી | ૩૦૩૦ | ૩૦૩૦ |
| મેથી | ૮૩૦ | ૮૩૦ |
| એરંડા | ૧૧૨૦ | ૧૧૨૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૫૭૬ |
| ઘઉં | ૪૦૧ | ૫૧૩ |
| ચણા | ૮૦૧ | ૧૦૪૧ |
| તુવેર | ૯૦૧ | ૧૫૫૧ |
| મગફળી | ૮૦૧ | ૧૩૯૬ |
| શિગફાડા | ૧૨૦૧ | ૧૫૪૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૯૫૧ |
| સોયાબીન | ૮૦૧ | ૧૦૪૧ |
| **મહુવા** | | |
| એરંડા | ૧૧૧૯ | ૧૧૧૯ |
| જુવાર | ૪૭૬ | ૧૦૧૪ |

| | | |
|---|---|---|
| બાજરી | ૩૬૫ | ૫૫૩ |
| ઘઉં ટુકડા | ૩૫૧ | ૫૮૩ |
| અડદ | ૧૨૪૦ | ૧૨૪૦ |
| મગ | ૭૯૯ | ૨૭૦૧ |
| સોયાબીન | ૯૪૦ | ૧૦૨૫ |
| ચણા | ૭૦૦ | ૧૦૪૯ |
| તલ કાળા | ૩૩૦૧ | ૩૩૦૧ |
| તુવેર | ૧૩૦૦ | ૧૫૪૦ |
| મેથી | ૬૩૬ | ૬૩૬ |
| ડુંગળી લાલ | ૧૦૦ | ૨૮૫ |
| ડુંગળી સફેદ | ૧૮૦ | ૨૯૨ |
| ડુંગળીસફેદએક | સર૯૩ | ૫૮૬ |
| નાળીયેર | ૩૪૪ | ૨૫૧૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૨૧૧ | ૧૪૭૫ |
| બાજરી હાઈબ્રીડ | ૩૫૦ | ૫૮૬ |
| ઘઉં | ૪૧૧ | ૫૪૧ |
| રાય | ૯૨૧ | ૧૧૫૨ |
| રાયડો | ૯૦૦ | ૧૧૨૮ |
| તુવેર | ૯૫૦ | ૧૫૫૬ |
| જુવાર | ૮૮૦૦ | ૧૨૧૪ |
| અડદ | ૧૦૦૦ | ૧૭૧૪ |
| ચણા | ૮૭૦ | ૧૧૦૬ |
| કાળા તલ | ૨૩૦૦ | ૩૯૭૦ |
| સોયાબીન | ૯૫૦ | ૧૦૫૪ |
| ધાણા | ૧૨૫૦ | ૧૭૯૫ |
| કાંગ | ૪૫૦ | ૫૬૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૩૪૦ | ૧૫૭૦ |
| મગફળી | ૧૨૪૧ | ૧૨૪૧ |
| તુવેર | ૧૨૭૫ | ૧૪૫૧ |
| બાજરો | ૪૯૦ | ૪૯૦ |
| ઘઉં | ૫૦૦ | ૫૦૦ |
| એરંડા | ૧૨૫૧ | ૧૨૫૧ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૨૭૦ | ૧૪૪૧ |
| તલ સફેદ | ૧૭૫૦ | ૧૭૫૦ |
| તલ કાળા | ૪૨૦૦ | ૪૨૦૦ |
| તલ પીળા | ૨૦૫૦ | ૨૦૫૦ |

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૦ | ૧૬૦૮ |
| બાજરો | ૩૩૬ | ૩૫૦ |
| ઘઉં ટુકડા | ૪૨૫ | ૫૩૬ |
| જુવાર | ૧૧૦૦ | ૧૨૭૭ |
| મગ | ૮૦૦ | ૧૧૦૦ |
| તુવેર | ૧૨૫૧ | ૧૪૫૦ |
| ચણા | ૮૫૫ | ૧૦૬૧ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૨૦૦ |
| મેથી | ૧૦૯૦ | ૧૦૯૦ |
| ચોળી | ૧૦૦૧ | ૧૦૦૧ |
| **જામનગર** | | |
| જુવાર | ૧૦૦૦ | ૧૧૮૦ |
| બાજરો | ૩૦૦ | ૩૬૫ |
| ઘઉં | ૪૦૦ | ૫૩૭ |
| મગ | ૧૪૫૦ | ૧૬૫૦ |
| અડદ | ૯૦૦ | ૧૪૨૫ |
| તુવેર | ૧૩૦૦ | ૧૪૨૦ |
| ચોળી | ૧૦૦૦ | ૧૨૫૦ |
| વાલ | ૯૦૦ | ૧૧૨૫ |
| ચણા | ૯૦૦ | ૧૦૮૦ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૧૪૦ |
| મગફળી જીણી | ૧૨૦૦ | ૧૫૨૫ |
| મગફળી જાડી | ૧૧૦૦ | ૧૪૬૦ |
| રાયડો | ૮૫૦ | ૧૨૩૦ |
| રાય | ૮૫૦ | ૧૨૩૦ |
| લસણ | ૮૧૦ | ૪૫૫ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૯૫ |
| જીરૂ | ૩૩૫૦ | ૪૪૮૫ |
| અજમો | ૧૯૦૫ | ૫૦૦૫ |
| અમજમાની ભૂસી | ૫૦ | ૨૩૫૦ |
| મરચા | ૪૦૦ | ૬૪૦૦ |
| ડુંગળી | ૪૦ | ૨૭૫ |
| વટાણા | ૫૧૦ | ૯૮૫ |
| રાજમા | ૧૨૦૦ | ૧૪૫૫ |


લાગે તો તીર : - બકો હાથમાં પાયજામાની કોર જાલતો હૂંહ ભર્યો દોડી રહ્યો હતો 06

# મહાવિકૃત એપસ્ટેઇનને પુરી સાથે સંબંધ ?



હરદીપ પુરીએ એપસ્ટેઈનની મહેમાનગતિ માણેલી ?

કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારના મંત્રી હરદીપસિંહ પુરીનું નામ 'એપસ્ટેઈન ફાઈલ્સ'માં આવ્યું તેના કારણે રાજકીય ગરમીનો માહોલ છે. કોંગ્રેસે હરદીપ પુરીના રાજીનામાની માગ સાથે સંસદ ઠપ્પ કરી દીધી અને સંસદની બહાર પણ આ મુદ્દો ગાજી રહ્યો છે. પુરીએ પોતે જેફરી એપસ્ટેઈનને ત્રણ-ચાર વાર મળ્યા હતા એ કબૂલ્યું છે પણ તેમની વાતચીત અને મુલાકાતો સંપૂર્ણપણે પ્રોફેશનલ હતી એવો પુરીનો દાવો છે.

પુરીના કહેવા પ્રમાણે, પોતે મે ૨૦૦૯માં ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના રાજદૂત તરીકે કાર્યભાર સંભાળ્યો પછી ઈન્ડિપેન્ડન્ટ કમિશન ઓન મલ્ટીલેટરલિઝમ અને અન્ય આંતરરાષ્ટ્રીય કાર્યોના સંદર્ભમાં એપસ્ટેઈનને મળ્યા હતા પણ એપસ્ટેઈનના ખરાબ ધંધાઓ સાથે પોતાને કોઈ લેવાદેવા નથી.

'એપસ્ટેઈન ફાઈલ્સ' નરેન્દ્ર મોદીની ચૂંટણી વ્યૂહરચનામાં મહત્વની ભૂમિકા ભજવનારા રવિ મંથા અને અનિલ અંબાણીનો પણ ઉલ્લેખ છે. અનિલ અંબાણીએ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે અમેરિકાના અધિકારીઓ સાથે મોદીની મુલાકાતો ગોઠવવા એપસ્ટેઈનનો સંપર્ક કરેલો એવા ઈ-મેલમાં ઉલ્લેખ છે. ડોનાલ્ડ ટ્રમ્પ પ્રમુખ બન્યા ત્યારે પણ અનિલે મોદી વતી ટ્રમ્પની નજીકના માણસો સાથે મુલાકાતો ગોઠવવા કહેલું એવા ઉલ્લેખ છે.

જેફરી એપસ્ટેઈને મોદીનો સીધો ઉલ્લેખ કરીને કરેલા ઈ-મેલનો મુદ્દો પણ ગાજ્યો છે પણ ભારત સરકારે આ વાતને નકારી છે. મોદી કદી એપસ્ટેઈનને મળ્યા નથી કે કોઈ વાત કરી નથી એ જોતાં મોદીને એપસ્ટેઈન સાથે કોઈ રીતે ના જોડી શકાય પણ હરદીપ પુરી ચાર વાર મળ્યા છે અને ચેટ પણ કરી છે તેથી શંકાના દાયરામાં આવી ગયા છે.

■■■

જેફરી એપ્સ્ટેઈન કોણ હતો ?

વિકૃત્તિનો પર્યાય મનાતો જેફરી એપ્સ્ટેઈન અમેરિકન અબજોપતિ હતો. જેફરી એપ્સટિન સગીર છોકરીઓના જાતીય શોષણ અને ધનિકોની સેક્સ ભૂખ સંતોષવા સગીર છોકરા-છોકરીઓ સપ્લાય કરવાના આરોપમાં બે વાર દોષિત ઠર્યો હતો. ૨૦૦૮માં એપ્સ્ટેઈનને વેશ્યાવૃત્તિ અને સગીરોને બળજબરીથી સેક્સની ફરજ પાડવાના કેસમાં દોષી ઠેરવાયેલો પણ એપ્સટેઈને સરકાર સાથે સોદાબાજી કરી લેતાં ફક્ત ૧૩ મહિનાની જેલ થઈ હતી.

સજા ભોગવીને બહાર આવેલા એપ્સટેઈને ફરી એ જ ધંધા શરૂ કરતાં ૨૦૧૯માં ફ્લોરિડા અને ન્યૂ યોર્કમાં ફરી એપ્સ્ટેઈનની ફરીથી ધરપકડ કરવામાં આવી હતી. ૨૦૧૯માં એપસ્ટેઈનની ફરી ધરપકડ કરાઈ ત્યારે તેની સામે સગીર છોકરીઓના સેક્સ ટ્રાફિકિંગનો ગંભીર આરોપ મૂકાયેલો તેથી આ કેસમાં એપ્સટેઈનને લાંબો સમય સજા થશે એ નક્કી મનાતું હતું પણ કેસ શરૂ થાય એ પહેલાં એપસ્ટેઈને જેલમાં આત્મહત્યા કરી લીધી હતી.

સગીર છોકરીઓ સાથે સંબંધો બાંધવા માટે દોષિત ઠરેલા એપસ્ટેઈન સામે પહેલી ફરિયાદ ૨૦૦૫માં થઈ હતી. ફ્લોરિડાના પામ બીચમાં એક વાલીએ પોલીસમાં ફરિયાદ કરી હતી કે, એપસ્ટેઈને તેની ૧૪ વર્ષની છોકરી સાથે સેક્સ માણીને તેનું જાતિય શોષણ કર્યું હતું.

પોલીસે તપાસ શરૂ કરી પછી એપસ્ટેઈનનાં કરતૂતોની જે વિગતો બહાર આવી તે સાંભળીને આખું અમેરિકા આઘાત પામી ગયું હતું. પોલીસ તપાસમાં બહાર આવેલું કે, એપસ્ટેઈને ૩૬ સગીર છોકરીઓને હવસનો શિકાર બનાવીને શારીરિક સંબંધો બાંધ્યા હતા. વાસ્તવિક રીતે આ આંકડો બહુ વધારે હતો કેમ કે ભોગ બનેલી તમામ છોકરીઓનો સંપર્ક કરી શકાયો નહોતો એવું પોલીસે જ કહેલું.

એપસ્ટેઈનને આકરી સજાની માગ ઉઠેલી પણ એપસ્ટેઈનના પાપમાં ભાગીદાર વગદારોએ મદદ કરતાં માત્ર ૧૩ મહિનાની જ સજા થઈ હતી. ફ્લોરિડા પોલીસે એપસ્ટેઈન તપાસમાં મદદ કરે તેના બદલામાં તેને ઓછી સજા કરાવવા કરી પ્લીયા ડીલ સામે સમગ્ર અમેરિકામાં આક્રોશ હતો છતાં ૨૦૦૮માં દોષિત ઠેરવાયો તેના વરસ પછી એ જેલની બહાર આવી ગયેલો.

■■■

એપસ્ટેઈનની ગર્લફ્રેન્ડ જેલની હવા ખાય છે.

એપસ્ટેઈનને સેક્સ અને વેશ્યાવૃત્તિ માટે સગીર છોકરીઓ પૂરી પાડવા બદલ બ્રિટનની ઘિસલેઈન મેક્સવેલને ન્યુ યોર્કની કોર્ટે ૨૦૨૨ના જૂનમાં ૨૦ વર્ષની સજા ફટકારી હતી. બ્રિટનના મીડિયા મોગલ રોબર્ટ મેક્સવેલની દીકરી ઘિસલેઈન એક જમાનામાં બ્રિટનનાં સોશિયાલિટ તરીકે જાણીતી હતી ને પેજ થ્રી પર તેની તસવીરો છપાતી.



## બ્રેકિંગ પોઈન્ટ

નેહા શર્મા

યુકેના ટોચના અખબાર જૂથ મિરર ગ્રુપના માલિક રોબર્ટ મેક્સવેલના પાછલા દિવસો બદનામીમાં ગુજરેલા. ૫૦ કરોડ પાઉન્ડની લોન નહીં ભરી શકેતા મેક્સવેલની લાશ ૧૯૯૧માં એટલાન્ટિક મહાસાગરમાંથી નગ્નાવસ્થામાં મળી હતી. આ કાંડના કારણે મેક્સવેલ પરિવાર યુકેમાં નફરતનું કેન્દ્ર બની ગયેલો તેથી ૩૦ વર્ષની ઘિસલેઈન ન્યુ યોર્ક આવી ગઈ અને એપસ્ટેઈનના સંપર્કમાં આવી. બંને વચ્ચે સંબંધો બંધાયા અને ઘિસલેઈન એપસ્ટેઈનનાં કુકર્મોમાં ભાગીદાર બની ગઈ. ૨૦૨૦ના જુલાઈમાં ઘિસલેઈનની ધરપકડ થઈ પછી એપસ્ટેઈન સામેના કેસમાં ખોટી જુબાની આપવાનો પણ કેસ ચાલ્યો હતો. સગીર છોકરીઓને પરિવારથી અલગ કરીને વેશ્યાવૃત્તિમાં ધકેલવાના આરોપમાં દોષિત ઘિસલેઈન હાલમાં ફ્લોરિડાની તાલ્લાહાસ્સીની જેલમાં હવા ખાય છે.

■■■

એપસ્ટેઈનના પતનનું કારણ એક પત્રકાર હતી.

અબજોપતિ એપસ્ટેઈન સગીર છોકરીઓ સાથે શારીરિક સંબધો બાંધ્યા પછી તેમને અમેરિકાના ટોચના લોકોની હવસ સંતોષવા મોકલતો હતો. ન્યુ યોર્ક સિટી, ફ્લોરિડા, વર્જિન આઈલેન્ડ્સ, ન્યુ મેક્સિકોમાં આવેલાં પોતાનાં મહેલ જેવાં ઘરોમાં લેવિશ પાર્ટીઓઓમાં દુનિયાભરની સેલિબ્રિટીઝ આવતી ૧૨-૧૪ વર્ષની છોકરીઓને તેમની પાસે મોકલીને એપસ્ટેઈન તેમને ખુશ કરતો. એપસ્ટેઈનની ગર્લફ્રેન્ડ ઘિલસેઈન તેને આ મહાપાપમાં મદદ કરતી.

એપસ્ટેઈને સેંકડો છોકરીઓને હવસનો શિકાર બનાવી હતી પણ ધનિક હોવાથી કોઈને ખબર નહોતી. ૨૦૦૮માં એ પહેલી વાર પકડાયો ત્યારે લોકોને તેનો અસલી ચહેરો દેખાયો પણ એપસ્ટેઈન વગનો ઉપયોગ કરીને આસાનીથી છૂટી ગયેલો. કાયદો કશું બગાડી ના શક્યો તેથી છાટકા થયેલા એપસ્ટેઈને ફરી પાર્ટીઓ કરવા માંડી. ૨૦૦૮માં કેટલીક છોકરીઓ બહાર આવેલી પણ એપસ્ટેઈનને કશું ના થતાં એ હતાશ હતી.

પત્રકાર શેરોન ચર્ચર તેમની મદદે આવી. વર્જિનિયા ગ્વાફરેએ શેરોનને આપવિતી કહી અને બીજી છોકરીઓનાં નામ આપ્યાં. ચર્ચર એક પછી એક છોકરીઓ સુધી પહોંચી અને એપસ્ટેઈનનાં કરતૂતોની વિગતો એકઠી કરવા માંડી. ચર્ચર ઈન્વેસ્ટિગેશન કરતી હતી ત્યારે બિલ ક્લિન્ટને પોતે જાણીતા મેગેઝિન વેનિટી ફેરની ઓફિસમાં જઈને એપસ્ટેઈન સામે સ્ટોરી છપાય તો ચર્ચરને પતાવી દેવા ધમકી આપેલી પણ ચર્ચર ના ડગી.

વર્જિનિયાને પણ ધમકીઓ મળી હતી. એપસ્ટેઈનની ગર્લફ્રેન્ડ ઘિલસેઈન મેક્સવેલે વર્જિનિયા સામે ગંદા આક્ષેપો કરેલા. વર્જિનિયાએ મેક્સવેલ સામે ૨૦૧૫માં બદનક્ષીનો કેસ કરી દીધો તેમાં એપસ્ટેઈનની પોલ ખૂલી ગઈ.

■■■

'એપસ્ટેઈન ફાઈલ્સ'માં આઘાતજનક વાતો છે.

એપસ્ટેઈનની વિકૃતિની માયાજાળ બહુ ફેલાયેલી હતી. અમેરિકાની સરકારે બહાર પાડેલા અને ન્યુ યોર્કની કોર્ટમાં એપસ્ટેઈન સામેની તપાસને લગતા જે દસ્તાવેજો રજૂ કરાયા તેમાં અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખ બિલ ક્લિન્ટન અને હાલના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ, અબજોપતિ બિલ ગેટ્સ, પોપ સિંગર માઈકલ જેક્સન, મહાન વિજ્ઞાની સ્ટીફન હોપકિન્સ, બ્રિટનના રાજા કિંગ ચાર્લ્સના નાના ભાઈ પ્રિન્સ એન્ડ્રુ, જાદુગર ડેવિડ કોપરફિલ્ડ સહિતના લોકો એપસ્ટેઈનની મહેમાનગતિ માણી ચૂક્યા હોવાનો ઉલ્લેખ છે.

'એપસ્ટેઈન ફાઈલ્સ'માં દુનિયાનાં ઘણાં મોટા માથાંનો અસલી વિકૃત ચહેરો લોકો સામે છતો થઈ ગયો છે. આ અબજોપતિઓ હાઈસ્કૂલમાં ભણતી છોકરીઓ સાથે વિકૃતિઓ આચરીને શરીર સંબંધો બાંધતા. ૧૪-૧૫ વર્ષની છોકરીઓ સાથે શરીર સંબંધ બાંધીને તેમની જીંદગી બરબાદ કરનારા આ અબજોપતિ માનસિક વિકૃતોએ પોતાનાં નામ જાહેર ના થાય એ માટે બહુ ધમપછાડા કરેલા પણ અમેરિકાની કોર્ટે 'એપસ્ટેઈન ફાઈલ્સ' સામે સ્ટે નહોતો આપ્યો.

■■■

એપસ્ટેઈનનું મોત પણ રહસ્યમય છે.

સત્તાવાર રીતે એપસ્ટેઈને ૧૦ ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ જેલમાં ફાંસો ખાઈને આપઘાત કરી લીધો પણ વાસ્તવમાં એપસ્ટેઈનને ડોનાલ્ડ ટ્રમ્પે ઈઝરાયલ મોકલી દીધો હતો એવું કહેવાય છે. ટ્રમ્પ બળાત્કારના કેસો, મહિલાએ સાથે બળજબરીથી સેક્સ સંબંધો બાંધવા, પોર્ન સ્ટાર્સ સાથે રંગરેલિયાં મનાવવા, મોડલો સાથે અય્યાશીઓ વગેરે કાંડોમાં સંડોવાયા છે. ટ્રમ્પને એક લેખિકા પર મોલના ટ્રાયલ રૂમમાં બળાત્કાર કર્યા પછી તેના વિશે જૂઠાણા ફેલાવવા બદલ કરોડોનો દંડ પણ થયો છે.

એપસ્ટેઈનનાં કુકર્મોમાં ટ્રમ્પ ભાગીદાર હતા અને ટ્રમ્પના લક્ઝુરીયસ રીસોર્ટમાં એપસ્ટેઈન પાર્ટીઓ કરતો હતો. બંને વચ્ચેની દોસ્તી જગજાહેર હતી ને એ દોસ્તી નિભાવીને ટ્રમ્પે એપસ્ટેઈનને બચાવી લીધાની ચર્ચા છે. ટ્રમ્પ ગાઝા પર બુલડોઝર ફેરવીને રીસોર્ટ બનાવવા માગે છે. આ રીસોર્ટમાં એપસ્ટેઈન સ્ટાઈલની પાર્ટીઓ કરાશે ને એપસ્ટેઈન તેની તૈયારીઓમાં લાગ્યો હોવાનું કહેવાય છે. સાચું ખોટું રામ જાણે પણ આ વાત સાવ માન્યામાં ના આવે એવી નથી જ. ■ sanjogpurti@gmail.com

# "ઓ રોમિયો"ના ગીતો: ખતરનાક લવ ડોઝ




मुझे इश्क हुआ है
या होने वाला है
मुझे इश्क हुआ है या होने वाला है

આ એની ઉલઝન છે કે ધમકી છે એ પણ ખબર પડતી નથી. એને કે આપણને કંઈ જ ખબર પડતી નથી. એ પૂછે છે:

नफ़्ज़ सहम के चलती है, हँसी भी मुज़रिम लगती है
क्या हुआ है मुझको? क्यूँ तन्हाई अच्छी लगती है?

એનું બધી જ બાબતમાં આવું છે:

दिन तो अच्छा गुज़रता है, और शाम भली लगती है
पोले-पोले पाँव से ख़्वाब ये रात उतरती है
डर लगता है मुझको, तू ख़्वाने वाला है

આપણે કહેવું જ પડે કે ભાઈ વાહ, क्या रोग ये पाला है?

ફિલ્મમાં એક ટાઈટલ ગીત પણ છે જેમાં "ઓ રોમિયો ઓ રોમિયો ઓ રોમિયો" થયા કરે છે. આપણને અરિજિત સિંગના અવાજમાં આ ગીત સાંભળવાની પણ મજા આવે છે. ગીતમાં રોમિયોના જીવનના સિદ્ધાંતો રજુ થયા છે:

ओ रोमियो ओ रोमियो
जान के लिए जान दजियो
जान के लिए जान लिजियो
जान लेनी हो तो झूम कर
जान देनी हो तो झूमकर
जिंदगी जी फिजियो

આના પરથી એવું સમજાય છે કે રોમિયો એ માત્ર ક્રિમિનલ કે પ્રેમનો જ વિદ્વાન નથી તે એક મોટો ફિલોસોફર પણ છે! હશે ભ'ઈ, હોય હવે!

દાખલા તરીકે:

कभी ऐसा भी लगा है
मैं भी यहीं हूँ, तुम भी यहीं हो
मैं यहीं पे रुका हूँ
आँखों में तो देखो, आँखों पे झुका हूँ
साथ ही रहेंगे, इंशाल्लाह

અચ્છા, જેની સાથે આ વાત થઈ રહી છે એ બેન હાજર નથી અને ફ્લેશબેકમાં પણ કંઈ બોલતા નથી! એવું લાગે કે આ ભાઈ સો સાલ સે, સો સાલ સે કરતાં કરતાં બીજા ૧૦૦ સાલ કાઢી નાખશે, તોય પેલા બેન કંઈ બોલશે નહીં. બોલી શકે એમ જ નથી, બોલવા જેવું કંઈ રહ્યું નથી.

પ્રેમમાં પડે એટલે માણસ ક્રિમિનલ હોય તો પણ કવિ તો બની જ જતો હોય છે અને કવિ બને એટલે માણસને ગણિતમાં અને વ્યાકરણમાં લોચા મારવાનો અધિકાર ઓટોમેટીક મળી જતો હોય છે. આ ભાઈ માત્ર ગણિતમાં જ નહીં વ્યાકરણમાં પણ આવું કહીને (અરિજિત સિંગના અવાજમાં ગાઈને) લોચા મારે છે:

तुझे सोच सोच कर दिन गुज़रते हैं
हर ख़्वाब में तेरी तस्वीर उतरते हैं...

'તેરે બારેમે સોચ સોચ કર'ને બદલે સીધું જ કહે છે કે "તુઝે સોચ કર" - તને વિચારીને. જોકે વ્યાકરણ વાળાઓ કરતાં સાહિત્ય વાળાઓ આ શબ્દ પ્રયોગને "ક્રિમિનલ" ન ગણે પણ ક્રિએટિવ ગણે. વિશાલ ભારદ્વાજ અને ગુલઝારે એમની ક્રિએટિવિટી એટલી મસ્ત રીતે કામે લગાડી છે કે આ ભાઈને બધી જ રીતે ડિસ્ટ્રિક્ટિવ અને ડિસ્ટ્રિક્ટેડ બનાવી દીધો છે. આ ભાઈ (શાહિદ કપૂર)ને તાવ આવે તો પણ તે પ્રેમનો તાવ એટલે કે "ઈશ્ક કા ફીવર" આવે છે. અરિજિત સિંઘના અવાજવાળા વધુ એક ગીતમાં આ ભાઈ કહે છે:

## ધીસ ઇઝ ધેટ

નારન બારૈયા

ઓ રોમિયોના તમામ ગીતો તમામ એન્ગલથી જોરદારના પેટના બન્યા છે. સિગરેટ અથવા તો દારૂના પેગ સાથે પોતપોતાના દર્દને મસ્તીભર્યા એકાંતમાં વાગોળી રહેલા યુવાનોને કાનમાં ઈયર બડ ખુશીને શાંતિથી સાંભળવા ગમે એવા ગીતો પણ આ છે અને ડાન્સ પાર્ટીમાં કે ગરબામાં નાચતા નાચતા ગાવા ગમે એવા ગીતો પણ આ છે. (બીડી જલાઈ લે, ભારદ્વાજ, ગુલઝાર!) ગીતો ભારતભરમાં ધૂમ મચાવી રહ્યા છે એનું એક જ કારણ છે - ગુલઝાર અને વિશાલ ભારદ્વાજે મળીને રોમિયોને સુખ અને દુઃખ બંનેથી બરાબરનો ધોકાવ્યો છે. ઓ રોમિયો! naranbaraiya277@gmail.com

# કામચોરીએ ફેશન બની ગઇ છે..




આજના ટેકનોલોજી યુગમાં માનવીની જીવનશૈલીની સાથે સાથે કાર્ય કરવાની ક્ષમતા અને નીપુણતા ઓછી થઈ રહી છે અને જુઠ્ઠું જોરથી બોલીને કામચોરી કરતા માનવોની સંખ્યામાં ઉત્તરો ઉત્તર પ્રગતિ થઈ રહી છે. કર્મ એ ધર્મ છે. ભગવદ્ ગીતાના દાર્શનિક સિદ્ધાંતોમાં જણાવવામાં આવ્યું છે કે તું તારું કર્મ કરતો જા ફળની આશા રાખીશ નહીં. અહીંયા તો કર્મ સાઈડ ઉપર રહે છે અને ફળ કઈ રીતે મળે તેના માટે કામચોરી કરતા રહો અને ફળ મેળવતા રહો. આવા બુદ્ધિશાળી માણસોને માણસો ગણવા? સામાન્ય માણસથી સંસદ સુધી રોજબરોજ પોતાના ભાગે આવતું કામ ન કરનારાઓની સંખ્યા અઢળક છે. નોકરીના સમયગાળા દરમિયાન આપણા ભાગે જે કામ આવ્યું છે તે નિષ્ઠાથી કરવું તે પ્રભુ ભક્તિ છે.



## સામાજિક અને શૈક્ષણિક

ડો. વિપુલ.ડી. પટેલ
(આચાર્ય શ્રી ગાંધી વિદ્યાલય, અસારવા, અમદાવાદ)

ભક્તિનો ડહોળ કરવો, રાત્રે મોડા સુધી મંજીરા વગાડવા અને સવારે સમયસર ના જવું એ કઈ ભક્તિ છે? જે સંસ્થા તમને રોટલા આપતી હોય તેને વફાદાર રહીને કામ કરવું એ સૌથી મોટું કર્મ છે. આજે કામચોરી કરવા માટે એવી તરકીબો શોધે છે. જેનો સર્વે કરવામાં આવે તો નવું જાણવા મળે તેવી અદભુત બુદ્ધિશાળી પ્રજા છે? કાર્યને પાયોરિટી આપવી એ આપણી ફરજ બને છે. ભારતની બંધારણીય મૂળભૂત ફરજોમાં આપણના ભાગે આવેલું કાર્ય કરવા માટે આપણે બંધાયેલા છે. પગાર તગડો લેવો છે અને કાર્ય કરવામાં ચોરી કરવી છે તે કોઈ પણ ભોગે ચલાવી લેવામાં આવશે નહીં.

આજે અમેરિકા, જાપાન, બ્રિટન કે અન્ય દેશો કેમ આગળ છે.તેનું મૂળ કારણ તેવો તેમના કાર્યને વફાદાર રહીને કામ કરે છે. અહીંયા તો વફાદારો જ ગદ્દાર નીકળે છે. આજે વિશ્વ ગુરુ બનતા પહેલા કાર્ય ગુરુ બનવું પડશે.કાર્યની પાયોરિટી પ્રથમ છે. બસના ડ્રાઈવરનું મુખ્ય કામ નાગરિકોની સલામતી અને સમયસર તેને તેના સ્ટેન્ડ ઉપર પહોંચાડવા તે તેની ફરજ છે. જે પણ ડિપાર્ટમેન્ટ હોય ત્યાં કાર્યને પ્રાધાન્ય આપીને સમય મર્યાદામાં પૂર્ણ કરવું તે સૌથી મોટો કર્મયોગ છે.લોકશાહીની વ્યાખ્યા આ જ છે. ગાંધીજીએ કહ્યું છે કે કાર્યનો બોજો માનવીને મારી નાખે છે.રોજનું કામ રોજ કરવામાં આવે તો કાર્યનો બોજો વધતો નથી. પરંતુ આળસ, બેદરકારી, કામચોરી આ બધી બાબતો દેશની ગુણવત્તાને નબળી બનાવે છે. ગમે તેટલી ઘંટડી ખખડાવવામાં આવે પરંતુ કર્મયોગના હોય તો તે બધું નિરર્થક છે. આધ્યાત્મિકતા મનુષ્યને કર્મના સિદ્ધાંતને નૈતિક બળ દ્વારા સાકર અને આકાર કરવાની પ્રેરણા આપે છે.

શિક્ષાપત્રીમાં લખ્યું છે કે લાંચ લેવી લોહી પીવા બરોબર છે. તેમ છતાં અન્ડર ટેબલ ગાંધી છાપ નોટોનો વ્યવહાર થઈ રહ્યો છે. આજે શોર્ટ માર્ગથી કાર્ય કરાવવાની હોડ શરૂ થઈ છે. અંતર આત્માને નિજાનંદ ત્યારે જ પ્રાપ્ત થાય કે જે મેં મારા ફરજના સમયગાળા દરમિયાન કાર્ય કયુ તેનો આનંદ એજ સ્વર્ગાનંદ છે.પ્રજાના ખજાનાથી આપણને તગડો પગાર મળે છે ત્યારે નિષ્ઠાથી કાર્ય કરવું તે સૌથી અગત્યનું છે.

આજે સામાન્ય પટાવાળાથી માંડીને મોટા અધિકારીઓ આ બધું જાણતા હોવા છતાં વ્યવસ્થામાં બદલાવ લાવવાનો કેમ વિચાર કરતા નથી? બે દિવસ પગાર લેટ થયો હોય તો કેમના ઊંચા નીચા થઈને તિજોરી અથવા તો સંબંધિત અધિકારીને સુફિયાણી સલાહો આપીએ છીએ કે સમયસર કામ કરતા નથી પણ આપણે કરીએ છીએ? એક આંગળી ચીંધવાની સામે તમારી સામે ચાર હોય છે. આ બાબત દરેકે સમજવા જેવી છે. ડાહી સાસરે ના જાય અને ગાંડીને સલાહ આપે તેવું બહુરૂપી સ્વરૂપ ધરાવતા માનવો ચોરે અને ચોટે જોવા મળે છે. જે સંસ્થાએ આપણને નોકરી આપી હોય તેને વફાદાર રહેવું તે જ મોટામાં મોટી સર્વિસ બુક છે.

સરદાર પટેલની પ્રામાણિકતા અને પારદર્શકતા આજના યુવાનો અને માત્ર કહેવાતા કર્મયોગીઓને સમજાવવાની જરૂર છે.દેશ પ્રથમ ની વાત કરનારા નાગરિકોની તાતી જરૂરિયાત છે. મૂલ્યો અને આદર્શો જ્યાં સુધી સ્થાપિત નહીં થાય ત્યાં સુધી બધું નિરર્થક છે. હું મારી ફરજને મારો ધર્મ સમજીશ તે જ મારી મનસા હશે.આજે એક ફાઈલમાં સહી કરવા માટે મહિનો થાય છે. આવું શા માટે? ફાઈલ ટેબલ ઉપર આવે એટલે તરત જ તેનું નિરાકરણ આવી જવું જોઈએ. ગુજરાતમાં પૂર્વ મુખ્યમંત્રી શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ રાત્રે મોડા સુધી સચિવાલયમાં બેસીને તેમના ટેબલ ઉપર આવેલી તમામ ફાઈલો ક્લિયર કર્યા પછી જ ઘરે જતા હતા.કામચોર હોત તો તેમને ઈતિહાસ યાદ કરતો હોત? આવા જ મહાપુરુષો ઈતિહાસનો અને કર્મશીલાનો અનન્ય વારસો છે. કરેલા કર્મોની સજા અહીંયા જ ભોગવવાની છે. સારા કર્મો કર્યા હશે તો તેની નોંધ ઈશ્વરને પણ લેવી પડશે એટલે કર્મને પ્રાધાન્ય આપીને કામચોરી અને સમયચોરી અટકાવીને નીતિમતા કેળવીએ.બાળકોને ગમે તેટલું શિક્ષણ આપીએ પરંતુ આપણે જ વર્ગની અંદર કશું જ કાર્ય ના કરાવીએ અને બેસાડી રાખીએ તો રાષ્ટ્ર આગળ આવશે? મૂલ્ય શિક્ષણ અને સારા નાગરિક બનાવવાની કેળવણી સમાજમાં પહોંચી નથી એટલે તો શ્વાન ગણવા કે અન્ય કામ સમાજના ચાણક્યને આપવા પડે છે. તેમાંથી બહાર આવવું હોય તો મૂલ્યો અને આદર્શ મારું શિક્ષણ કંડારવુ પડશે. ■

Mo.9825702282

# આંખ વિષે જાણો




આંખની રચના (Structure of Eye)

આંખ કેમેરાની જેમ કાર્ય કરે છે. બહારથી આવતો પ્રકાશ આંખના વિવિધ ભાગોમાંથી પસાર થઈ રેટિના સુધી પહોંચે છે અને પછી સંદેશ મગજ સુધી જાય છે.

૧. કોર્નિયા (Cronea)

આંખનો પારદર્શક આગળનો ભાગ.

પ્રકાશને અંદર પ્રવેશ કરાવે છે અને તેને વાંકું (focus) કરે છે.

- ૨. આયરિસ (Iris)

આંખનો રંગીન ભાગ (કાળો, ભૂરો, લીલો વગેરે).

પ્રકાશની માત્રા નિયંત્રિત કરે છે.

- ૩. પ્યુપિલ (Pupil)

આયરિસના મધ્યમાં કાળો છિદ્ર.

વધુ પ્રકાશ હોય તો નાનો અને ઓછો પ્રકાશ હોય તો મોટો થાય છે.

- ૪. લેન્સ (Lens)

પારદર્શક ગોળાકાર ભાગ.

નજીક અને દૂરની વસ્તુઓ પર ફોકસ કરવા માટે આકાર બદલાવે છે.

- ૫. રેટિના (Retina)

આંખનો આંતરિક પડ.

અહીં રૉડ્સ અને કોન્સ નામના કોષો હોય છે, જે પ્રકાશને વીજ સંકેતોમાં ફેરવે છે.

- ૬. ઓપ્ટિક નર્વ (Optic Nerve)

રેટિનામાં બનેલા સંકેતોને મગજ સુધી પહોંચાડે છે.

- ૭. સ્ક્લેરા (Sclera)

આંખનો સફેદ ભાગ.

આંખને આકાર અને સુરક્ષા આપે છે.

આંખ કેવી રીતે કામ કરે છે?

પ્રકાશ કોર્નિયા દ્વારા અંદર જાય છે.

પ્યુપિલથી પસાર થઈ લેન્સ સુધી પહોંચે છે.

લેન્સ પ્રકાશને રેટિના પર ફોકસ કરે છે.

રેટિના સંકેતો ઓપ્ટિક નર્વ મારફતે મગજ સુધી મોકલે છે.

મગજ તેને ચિત્ર રૂપે ઓળખે છે.

- આંખની માવજત (Eye Care)

આંખો શરીરનું અત્યંત મહત્વનું અંગ છે. યોગ્ય સંભાળ રાખવાથી નજર સારી રહે છે અને આંખના રોગોથી બચી શકાય છે.

- દૈનિક સંભાળ

દિવસમાં ૨–૩ વાર ઠંડા પાણીથી આંખ ધોવો.

ગંદા હાથથી આંખને ન સ્પર્શો.

વ્યક્તિગત ટુવાલ/રૂમાલ જ વાપરો.

પૂરતી ઊંઘ (૭–૮ કલાક) લો.

- સ્ક્રીન ઉપયોગ કરતી વખતે

મોબાઈલ/કમ્પ્યુટર વાપરતી વખતે ૨૦-૨૦-૨૦ નિયમ અપનાવો

(દર ૨૦ મિનિટે ૨૦ સેકન્ડ માટે ૨૦ ફૂટ દૂર જુઓ).

સ્ક્રીનની બ્રાઈટનેસ યોગ્ય રાખો.

સતત લાંબા સમય સુધી સ્ક્રીન ન જુઓ.

- આહાર


વૈવિધ્ય
ડો. હેમાંગી ડી. મહેતા,
એસોસિયેટ પ્રોફેસર, વિષય નિષ્ણાંત
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગર
hemangidmehta@gmail.com

# બકો હાથમાં પાયજામાની કોર જાલતો હૂંહ ભર્યો દોડી રહ્યો હતો

લગનગાળાની સીઝનમાં ઊભી બજારે બકો હાથમાં પાયજામાની કોર જાલતો હૂંહ ભર્યો દોડી રહ્યો હતો.

જાણે વાંહે સિંહ પડયો,દિપડો પડયો કે આજકાલ ફાટીને ધુમાડે ગયેલો કૂતરો પડયો હોય. પાછું વળીને જૂએ એ બીજાં. દોડવાની જાણે રેસ લાગી હતી. આજુ બાજુ, આગળ પાછળ સૌ આમથી તેમ જીવ બચાવવા દોડી રહ્યાં હતાં.



આટલાં બધાં માણસોને દોડતાં જોઈને બોસને નવાઈ લાગી.

"ગામમાં તો લગન છે, વરઘોડો છે. તો પછી આ લોકો કેમ દોડી રહ્યાં છે?"

બોસે આ બધાની વચ્ચે બકાને જોયો.

"બકા બકા ઊભો રહે ઊભો રહે. થોડો હાહ ખા. અને મને એ કહે કે, આ બધાં દોડી કેમ રહ્યાં છે? ધોળા દિવસે ગામમાં સિંહ તો આવે નહીં. દિપડો આ વિસ્તારમાં નથી. તો પછી શું કૂતરું હડકાયું થયું?"

બકાએ ભાગતા ભાગતા જ કહ્યું.

"ઈ હંધૂય પછી , પેલાં તમે તમે 'ય હંધાયની જેમ ભાગો. નહીંતર હવે હારાવાટ નથી."

બકાની હારે બોસને 'ય ભાગવા સિવાય છૂટકો જ નહોતો.

ભાગતા ભાગતા જ બોસે પુછ્યું.

"હા પણ બકા, આખરે થયું છે શું? કેમ હંધાય ભાગ ભાગ કરે છે? કોઈ ધીંગાણું બીંગાણું ખેલાયું છે કે શું? કોઈ મારાં મારી થઈ ગઈ છે?"

"બોસ, હું તો વાંહે હતો. જાજી ખબર નથી. પણ, કાંઈક ડી.જે.વાળાની માથાકૂટ થઈ છે. હંધાય ભાગ્યા એટલે હું ય ભાગ્યો. જીવ કોને વ્હાલો ન હોય !!"

"બકા, તું ડી.જે.ની વાત કરે છે ઈ મામલો ગુજરાત બાજુંનો છે. ન્યા ડી.જે. બાબતનો રણ સંગ્રામ હાલે છે. ડી.જે. વગાડવું અને ના વગાડવું ની લડાઈ હાલે છે. અને એનાં સમાજના નવાં બંધારણ પણ બન્યાં છે. અને જેમ બંધારણ બનાવવા વાળા છે. એમ બંધારણ તોડવા વાળા ય છે. એટલે તું જે ડી.જે.ની વાત હમજે છે, ઈ વાત અહીંની નથી. આપણે સૌરાષ્ટ્રમાં તો ક્યાં કાંઈ ફરક પડે જ છે. સૌરાષ્ટ્રમાં તો ડી.જે. ધમધોકાર હાલે છે. પછી ડી.જે.નુ બાધણું હોય એવું મને નથી લાગતું."

"બોસ, તમે જે માનો તે. પણ, વાત ડી.જે.ની જ છે. લોચો છે; ઈ ડી.જે. ને લગતો જ છે. કદાચ! ડી.જે.ના અવાજથી ઘોડી ભડકી હોય અને સૌ ભાગ્યા હોય."

"બકા, મને ઈ નથી હમજાતું કે, ઘણી જગ્યાએ ફટાકડાનાં અવાજથી ઘોડી ભડકે છે. તો પછી ફટાકડા શા માટે ફોડતાં હશે? ડી.જે.ના વધારે પડતાં ઘોંઘાટથી ય ઘોડી ભડકે છે. તો પછી ડી.જે. શા માટે વધારે વગાડતાં હશે?"

"બોસ, એમ તો ઘણી જગ્યાએ ઘોડી વરરાજા સહિત ભાગી ગયાંનાય દાખલા છે. અને અનેકવાર ઘોડીએ વરરાજાને નીચે પાડી દીધાંના ય દાખલા છે. અને હમણાં જ ડી.જે.ના અવાજથી ઘોડી ભાગી તે વરરાજા સહિત કૂવામાં ખાબકી. પણ, લગનમાં ક્યાં કોઈને ભાન રહે છે?"

" એટલે તારુ કે'વાનું હું છે? લગનમાં હંધાય પીવે છે એમ? એટલે હંધાય ભાન ભૂલી જાય છે?"

"ના ના ના, બોસ ના. ગુજરાતમાં તો દારૂબંધી છે. એટલે પીવાની વાત તો શું હોય!! પણ, લગનનો ઉન્માદ જ એટલો હોય છે કે, દારૂ ક્યાંય ગોત્યોય ઝડતો નથી."

"તો પછી આ આખાંને આખાં ખટારા ભરીને દારૂ પકડાય છે, ઈ હંધૂય હું છે? અને ઈ હંધોય દારૂ ક્યાં જાતો હશે?"

"રાજકારણીઓ અને પોલીસવાળા છે ને !!"

"એટલે આટલો બધો દારૂ ઈ પી જતાં હશે? કે પછી વેચી નાંખતા હશે?"

"મારુ કેવાનું એમ નથી. પોલીસવાળા ઈ દારૂ પકડે. પછી વાર પરબે એની ઉપર રોલર ફેરવીને એનો નાશ કરે એમ !! ફોટા પડાવે એમ !!"

"હા પણ, મને એમ કે, કે લગન અને દારૂને હું લાગે વળગે? વાત અહીં ડી.જે. અને ધીંગાણાંની હાલે છે. એમાં વચ્ચે દારૂ ક્યાં આવ્યો?"

"બોસ બોસ, તમે કઈ દુનિયામાં જીવો છો? (એ સબ અંદરકી બાત હે) પણ, મને એમ કહો કે, ગુજરાત બાજું ડી.જે. બંધ થયાં ને આપડી બાજું કેમ ચાલું રહ્યાં?"

"ન્યા દારૂ અને ડી.જે. ભેગાં થાતાં જ ધીંગાણાં થાતાં હતાં એટલે."

"તો પછી આપડે ન્યા ?"

"આપડે ન્યા તો લગનમાં એમ નેમ જ ધીંગાણાં થાય છે. જોયું નહીં? હમણાં એક રોટલી માટે કેવડું મોટું ધીંગાણું મચી ગયું હતું."

"ઈ હંધૂય જાવા દે, મને ઈ વાત કર કે, અહીં શું થયું છે? હવે હું દોડી દોડીને થાકી ગયો છું."

પાછળ પાછળ અભણ અમથાલાલે ય હતાં. એમણે જ ચોખવટ કરી.

"જૂઓ, વડિયા બાજું એક ગામમાં જાન આવી હતી."

"એલાં ભાઈ અમે ઈ જ જાનમાં જાનૈયા છીએ. તમે આગળ શું થયું ઈ વાત કરો." "નાચતી ઘોડી ઉપર વરરાજા ડી.જે.ના તાલે નીકળ્યાં પરણવા. કોઈકે કહ્યું કે, ડી.જે. કેમ ધીમું વાગે છે?

નાગીનના ડાંસમા મજા નથી આવતી. હોય એટલું ફાસ વગાડો !!"

"જેવું ડી.જે.નુ વોલ્યુમ વધ્યું કે ઘોડી ભડકી. વરરાજો નીચે પડી ગયો. પણ, એ ક્યાંરે ઊભો થઈને જીવ બચાવવા ભાગી ગયો ઈ અણવરને ય ખબર ના પડી.

ઘોડી ગોળ ગોળ આમથી તેમ ભાગી રહી હતી. એમ જાનૈયા પણ જીવ બચાવવા ભાગ્યા."

"વરઘોડાના ઠેકાણે વરઘોડો રહ્યો. પણ, હજીય તમે ભાગો હોં.. ઘોડી કંઈ તરફ આવે ઈ નક્કી નથી."


લાગે તો તીર..
કાળુભાઇ ભાડ
kalubhaibhad123@gmail.com

# જાણો..દેશ-દુનિયામાં થતા જાત-જાતના ફ્રોડ.! – 3



આજે કોઈપણ અખબાર હાથમાં લેશો તો સામે પહેલા જ કોઈને કોઈ પ્રકારના ફ્રોડના કિસ્સાના મોટાં હેડિંગ વાંચવા મળશે. અખબારો, ન્યૂઝ ચેનલો, સોશિયમ મીડિયા રોજેરોજ અસંખ્ય કિસ્સાને પ્રકાશિત કરી મારી-તમારી સૌની જાગૃતિ માટે બનતા તમામ પ્રયાસ કરી છૂટે છે. તો સરકારી તંત્ર પણ મોટી મોટી જાહેરાતો અને સોશિયલ પ્લેટફોર્મથી જનતાને જાગૃત કરવા કંઈ કેટલાય પ્રયાસ કરવાની સાથે જરૂરી મોબાઈલ કે હેલ્પલાઈન નંબરો પણ જણાવે છે. તેમ છતાં રોજેરોજ ફ્રોડના એટલા જ કિસ્સા બન્યા કરે છે. તો શું આપણે ફ્રોડ બાબતે સજાગ નથી? શું તંત્ર સજાગ નથી? ચૂક ક્યાં થાય છે..આપણને કંઈ સમજાતું નથી. તો વાત એમ છે કે, આપણને પોતાને જ ફ્રોડ વિશે પૂરતી ખબર કે સમજ નથી, એટલે આપણે તેનો શિકાર બનતા જઈએ છીએ. આજે જાણી લઈએ કે દેશ-દુનિયામાં કેટલી જાતના ફ્રોડ થાય છે? કયા ફ્રોડને શું કહે છે? આપણે આવા ફ્રોડને સમજૂતીપૂર્વક વાંચી લઈએ, એ પછી ઘરની મહિલાઓ અને બાળકોને પણ જણાવી-સમજાવી દઈએ..તો શક્ય છે કે, આપણે અને આપણો પરિવાર આવા ફ્રોડથી સત્વરે બચી શકીશું.!

**(૧૨) સિમ સ્વેપિંગ ફ્રોડ :**

સિમ સ્વેપિંગ ફ્રોડ અંતગર્ત તમારા ઓળખના પુરાવા, સિમકાર્ડ, ઈમેઈલ, મોબાઈલ અને બેંક ખાતા સાથે ચેડાં કરાય છે. સિમ સ્વેપિંગ કેસમા નેટબેંકિંગ દ્વારા બેંક ખાતાંમાંથી મોટી રકમ ટ્રાન્સફર કરવા ખાતાધારકો તથા નાની-મોટી કંપનીઓને ટાર્ગેટ કરેલ છે. સાઈબર ક્રિમિનલ દ્વારા ભોગ બનનારને ઈમેઈલ કરી ફિશિંગ લિંક, કી-લોગર કે અન્ય રીતે ભોગ બનનારનું કમ્પ્યુટર, લેપટોપ કે મોબાઈલ ફોન હેક કરે છે. ભોગ બનનારના બેંક એકાઉન્ટ સાથે જે ફોન નંબર લિંક હોય તેના પર OTP મેળવવા એ ફોન નંબરનું ડુપ્લિકેટ સિમકાર્ડ કઢાવવા ઓળખના ચોરેલા પુરાવાથી નવું સિમકાર્ડ મેળવી ઓનલાઈન બેંકિંગથી આરોપી પોતાના બેંક ખાતાંમાં મોટી રકમ ટ્રાન્સફર કરે છે.

**(૧૩) કસ્ટમર ફ્રોડ :**

જ્યારે કોઈ ગ્રાહક ઓનલાઈન, શોપિંગ મોલ, દુકાન કે કોઈ જગાએથી ચીજ-વસ્તુ ખરીદ્યા પછી કંપનીની સર્વિસથી નાખુશ થાય ત્યારે ઓનલાઈન કંઝ્યુમર કેરની વેબસાઈટ પર ફરિયાદ રજીસ્ટર્ડ કરાવે છે. ઘણા કિસ્સામાં ઓનલાઈન કંઝ્યુમર કેરની વેબસાઈટ ઓપનસોર્સ પ્લેટફોર્મ પર તૈયાર થઈ હોવાથી ગ્રાહકનો ડિજિટલ ડેટા અને ફરિયાદ સંબંધી માહિતીની ચોરી થાય છે. ત્યારબાદ ગ્રાહકની ફરિયાદ મુજબની માહિતી અંગે આરોપી ગ્રાહકનો સંપર્ક કરી તેમને વળતર આપવું કે અન્ય લાલચ આપી ગ્રાહકની બેંક વિગત તથા મોબાઈલ નંબર મેળવી છેતરપિંડી કરે છે.

ડિજિટલ યુગમાં ઝડપી આર્થિક વ્યવહાર માટે ઇ-વૉલેટ પેટીએમ, ગૂગૂલ પે, પેયુ, ભીમ એપ વાપરતા ગ્રાહકો સેવા અંગે કોઈ ફરિયાદ કરે ત્યારે ગૂગલ સર્ચ દ્વારા હેલ્પલાઈન કે કસ્ટમર કેરનો નંબર સર્ચ કરે છે. સાઈબર ક્રિમિનલ દ્વારા અહીં ગૂગલ સર્ચમાં લોકોને પોતાનો નંબર પહેલાં દેખાય તેવું સેટિંગ કરે છે, જેથી લોકો સાઈબર ક્રિમિનલને જ પોતાની ફરિયાદ જણાવે છે.જ્યાં સાયબર ક્રિમિનલ વળતરનું વચન આપી ગ્રાહકની બેંક વિગત તથા ઓટીપી મેળવી ઇ-વૉલેટ/બેંકમાંથી નાણાં પડાવી લે છે.

**(૧૪) ઇ-મેઈલ સ્પુફિંગ ફ્રોડ :**

ઈ-મેઈલ સ્પુફિંગથી થતા ફ્રોડમાં સાઈબર ક્રિમિનલ ચોક્કસ વ્યક્તિ કે કંપનીને અતિ ચતુરાઈથી છેતરે છે. નાગરિક દ્વારા વિદેશના વેપારી સાથે આયાત-નિકાસનો વેપાર મોટા ભાગે ઈમેલથી થાય છે.મોટા ભાગના કિસ્સામાં નાગરિક જ્યારે આયાત કરતા હોય ત્યારે વિદેશના વેપારીને માલ પેટે બેંક મારફતે સ્વિફ્ટ પેમેન્ટ કરવાનું હોય છે. વિદેશથી વેપારી ઈમેલ દ્વારા અહીના વેપારીને માલ અને બેંકની વિગત સાથેનું પ્રફોર્માં ઈનવૉઈસ ઇ-મેઈલથી મોકલે છે, ત્યારે સાઈબર ક્રિમિનલ દ્વારા વિદેશના વેપારી જેવું ભળતું ઈ-મેઈલ આઈડી બનાવી બંનેને ઈ-મેઈલ મોકલે છે.જેમા બેંકની વિગત બદલાયેલી હોય છે. માલ-સામાન આયાત કરવા પેટે ચૂકવવાનું પેમેન્ટ ખોટા બેંક ખાતામા જમા કરાવવા જણાવેલું હોય છે. વિદેશના વેપારી જેવું ઈ-મેઈલ આઈડી અને પર્ફોર્મા ઈનવોઈસ આધારે વેપારી તેમાં જણાવેલા ખોટા બેંક એકાઉન્ટમાં માલસામાન પેટે એડવાન્સ પેમેન્ટ જમા કરાવવા જતાં આર્થિક નુકશાનનો ભોગ બને છે.

**(૧૫) ઈ-કોમર્સ સંબંધી ફ્રોડ :**

ઈ-કોમર્સ સંબંધી ફ્રોડમાં સાઈબર ક્રિમિનલ ઓએલએક્સ કે અન્ય વેબસાઈટ પર ચીજ-વસ્તુની ખરીદી- વેંચાણ કરતા ગ્રાહકને છેતરવા વેબસાઈટ પર ખોટું એકાઉન્ટ બનાવી તમને મોંઘા ભાવની વસ્તુ ખૂબ સસ્તા દરે વેચવાની જાહેરાત મૂકી જાળ બિછાવે છે.જ્યારે કોઈ નાગરિક તે વસ્તુને ખરીદવા જાહેરાતમાં આપેલા મોબાઈલ નંબર, વોટ્સએપ કે ઈમેઈલથી સંપર્ક કરે ત્યારે અરસ-પરસ વિશ્વાસ કેળવી વસ્તુ પેટે એડવાન્સમાં નાણાં મેળવી લે છે, અને વસ્તુ મોકલતા નથી.

જ્યારે કોઈ નાગરિક પોતાની વસ્તુનું ઓએલએક્સ કે અન્ય વેબસાઈટ પર વેચાણની જાહેરાત મુકે છે ત્યારે આ જાહેરાત જોઈ આરોપી બનાવટી ઓળખ થકી નાગરિકનો સંપર્ક સાધી જે-તે ચીજ-વસ્તુ ખરીદવા સંમત હોવાનું જણાવી તેની તમામ માહિતી મેળવી લે છે.આરોપી વસ્તુ ખરીદવા નાણાંની ચુકવણી ગૂગલ-પે ડાઉનલોડ ન હોય તો મોબાઈલમાં એપ ડાઉનલોડ કરી, નાગરિકની બેંકની વિગત ભરાવી રજીસ્ટ્રેશન કરાવે છે, બાદમાં પોતાના ગૂગલ-પે એકાઉન્ટમાંથી અમુક રકમની રિકવેસ્ટ મોકલી નાગરિકને જણાવે છે કે, મોકલેલી રિકવેસ્ટમાં પે ઓપશન સિલેક્ટ કરવાથી તમને નાણાં મળશે પરંતુ હકીકતમાં પે ઓપશન સિલેકટ કરવાથી નાગરિકના ખાતાના નાણાં આરોપીના ખાતામાં જાય છે અને આવી છેતરપિંડી થાય છે.

**(૧૬) રેન્સમવેર એટેક :**

રેન્સમવેર એટલે સાઈબર હેકરે કોમ્પ્યુટર કે સર્વરમાં રહેલો ડિજિટલ ડેટા ચોરવા બનાવેલું નાનકડું સોફટવેર પેચ. જ્યારે કોઈ કંપનીના નેટવર્કમાં વાયરસ પ્રોટેક્ટેડ શિલ્ડ ન હોય તેવા સમયે હેકર કોઈ લિંક દ્વારા સિસ્ટમના સર્વરમાં પ્રવેશી સર્વરનો મહત્ત્વનો ડેટા એનક્રિપ્ટ કરી દે છે. જ્યારે યુઝર પોતાની સિસ્ટમ ચાલુ કરે કે તરત જ ડેટા એનક્રિપ્ટ થયેલો જોવા મળે છે અને પછી હેકર કોઈ ઇ-મેઈલ કે સોશિયલ મીડિયા દ્વારા ડેટા ડિક્રિપ્ટ કરવા બિટકોઈન સ્વરૂપે ખંડણી માગે છે.

**(૧૭) ડેટા થેફ્ટ :**

અતિ સરળ શબ્દોમાં કહું તો, કોઈપણ વ્યક્તિનો અંગત, સંસ્થા, પ્રાઈવેટ કંપની કે સરકારી એકમમાંથી વેબસાઈટ, કોમ્પ્યુટર, પેનડ્રાઈવ, ઈમેલ આઈડીના માધ્યમથી ચોરી કરાતા ડિજિટલ ડેટાને ડેટા થેફ્ટ કહે છે.


જીવન તરંગ
જયસ્વી પટેલ
sanjogpurti@gmail.com

# મમરો ઊડયો !



એક હતું નાનકડું ગામ. એ ગામમાં રહેતો હતો એક ભોલો. ભોલો એટલે સાવ ભોળો! એક દિવસ ભોલાની મમ્મીએ તેને નાસ્તામાં મમરા આપ્યા. મમરા તો કેવા? સફેદ-સફેદ, હલકા-ફૂલકા અને કડક-કડક!

ભોલો તો મમરા વાટકામાં લઈને ઓસરીમાં બેઠો. ત્યાં જ અચાનક જોરથી પવન આવ્યો - સૂઉઉઉ... સૂઉઉઉ!

પવન એવો તો આવ્યો કે ભોલાના વાટકામાંથી એક મમરો હવામાં ઊડયો! ભોલો તો નવાઈ પામી ગયો. તેણે બૂમ પાડી, "અરે! મારો મમરો તો પંખી બની ગયો! જુઓ, જુઓ, મમરો ઊડયો!"

ભોલો તો મમરાની પાછળ દોડ્યો. મમરો ઊંચે ઊડ્યો, તો ભોલો પણ મમરાને પકડવા કૂદ્યો.

ભોલો બોલ્યો: "ઊભો રહે, ઓ મમરાભાઈ! નીચે આવો, નીચે આવો! મારે તમને ખાવા છે!"

મમરો બોલ્યો : "હું તો પવનનો ભાઈબંધ, હું તો ઊડીશ! ઊંચે ઊડીશ! હું તારા હાથમાં નહીં આવું!"

દોડતાં-દોડતાં ભોલો ભટકાયો ગલૂડિયા સાથે. ગલૂડિયું પૂછે, "અરે ભોલા! તું આમ હાંફળોફાંફડો કેમ દોડે છે ભોલા?"

ભોલો કહે, "જો ને, મારો મમરો ઊડયો!"

ગલૂડિયું કહે, "શું વાત છે? મમરો ઊડે? એ તો મારે પણ જોવું છે!" હવે ભોલો આગળ અને ગલૂડિયું પાછળ - 'હાઉં-હાઉં' કરતું દોડવા લાગ્યું.

રસ્તામાં મળી એક જાડી બિલાડી. બિલાડી પૂછે, "મ્યાઉં... મ્યાઉં... તમે બધાં આમ ક્યાં દોડો છો?"

ગલૂડિયું કહે, "ભોલાનો મમરો ઊડયો છે, એને પકડવા જઈએ છીએ!"

બિલાડીને થયું, 'જો મમરો ઊડતો હોય, તો ઉંદર પણ ઊડતા હશે!' એ પણ જોડાઈ ગઈ દોડવામાં.

થોડે આગળ ગયાં, ત્યાં ભોળી ગાય મળી. ગાય કહે, "અરે ભાઈ, તમે બધાં આમ કેમ દોડો છો?"

બિલાડી કહે, "ગાયમાતા, જુઓ તો ખરા, આકાશમાં મમરો ઊડે છે!"

ગાયમાતાએ ચશ્મા ચઢાવીને જોયું, તો સાચે જ સફેદ-સફેદ કંઈક ઊડતું હતું. ગાય પણ જોડાઈ - 'અંમ્બા... અંમ્બા...' કરતી!

દોડતાં-દોડતાં બધાં ગામના પાદરે પહોંચ્યા. ત્યાં એક મોટું તળાવ હતું. પવન ધીમો પડ્યો અને મમરો ધીરે-ધીરે નીચે આવવા લાગ્યો.

ભોલો રાજી થઈ ગયો, "હવે પકડાઈ જશે!"

પણ ત્યાં જ... ચટાક!

એક નાનકડી ચકલી આવી અને હવામાં જ મમરો ચાંચમાં પકડી ગઈ!

બધા તો મોઢું ફાડીને જોઈ રહ્યા.

ભોલો કહે: "અરેરે! મારો મમરો ચકલી લઈ ગઈ!" ગલૂડિયું કહે: "મેં તો ધાર્યું હતું કે મમરો પતંગ બનશે."

બિલાડી કહે: "મને તો એમ કે મમરો ઉંદર બનશે!"

બધાં પાછાં ઘરે આવ્યાં. ભોલાની મમ્મીએ જોયું કે આખું લશ્કર પાછળ આવે છે. મમ્મીએ પૂછ્યું, "શું થયું ભોલા?"

ભોલો રડમસ અવાજે કહે, "મમ્મી, મારો મમરો ઊડી ગયો અને ચકલી ખાઈ ગઈ!"

મમ્મી ખડખડાટ હસી પડી અને બોલી, "અરે ભોલા, મમરો તો હલકો હોય એટલે પવનમાં ઊડે જ ને! ચાલ, તારા બધા મિત્રો માટે પણ મમરાનો મોટો ડબ્બો લાવું."

પછી તો ભોલો, ગલૂડિયું, બિલાડી અને ગાય - બધાંએ પેટ ભરીને મમરા ખાધા! પણ આ વખતે ભોલાએ પંખો બંધ રાખીને મમરા ખાધા, જેથી ફરી કોઈ મમરો ઊડી ન જાય!


રે વાર્તા!
મનીષ સુથાર
Mo 9099172177

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ "ા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

# અમરેલીમાં ૨૪,૦૦૦ મતદારોના નામ કમી કરવાનું ષડયંત્ર નિષ્ફળ, કોંગ્રેસની લડાઈનો વિજય : પ્રતાપ દુધાત

અમરેલી, તા.૧૭

અમરેલી જિલ્લામાં SIR (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન) પ્રક્રિયા દરમિયાન ૨૪,૦૦૦ જેટલા મતદારોના મતાધિકાર છીનવવાના પ્રયાસનો ફિયાસ્કો થયો છે તેમ પ્રતાપ દુધાતે જણાવ્યુ છે. અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાત અને તેમની ટીમની સતત રજૂઆતો બાદ વહીવટી તંત્રએ ખોટી રીતે ભરાયેલા તમામ 'ફોર્મ નંબર-૭' રદ કર્યા છે. વિગતો મુજબ, અમરેલી લોકસભા હેઠળની પાંચેય વિધાનસભાઓમાં ભાજપના કાર્યકરો દ્વારા કોઈપણ આધાર-પુરાવા વિના હજારો મતદારોના નામ કમી કરવા માટે વાંધા અરજીઓ કરવામાં આવી હતી. સાવરકુંડલામાં ૮ હજાર, અમરેલીમાં ૭ હજાર અને રાજુલામાં ૬ હજાર સહિત




કુલ ૨૪,૦૦૦ ફોર્મ ભરીને મતદારોના નામ રદ કરવાનું ષડયંત્ર રચાયું હોવાનો આક્ષેપ કોંગ્રેસે કર્યો હતો. પ્રતાપ દુધાતે કલેક્ટર અને ચૂંટણી અધિકારીને આવેદનપત્ર આપી આ ગેરબંધારણીય પ્રક્રિયાનો વિરોધ કર્યો હતો. આખરી મતદાર યાદીમાં આ તમામ ૨૪,૦૦૦ નામો હયાત રાખવામાં આવ્યા છે. દુધાતે ચીમકી આપી છે કે જો ખોટા વાંધા રજૂ કરનારા ૪૫થી વધુ લોકો સામે કાયદાકીય પગલાં નહીં લેવાય તો કોંગ્રેસ આગામી સમયમાં કોર્ટના દ્વાર ખખડાવશે.

# ગુજરાત વિધાનસભામાં રોજગાર નિયમન અને સેવાની શરતો (સુધારા) વિધેયક પસાર

ગાંધીનગર,તા.૧૭

ગુજરાત વિધાનસભામાં આજે મંગળવારે ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) (સુધારા) વિધેયક સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું છે. જે મુજબ હવે દૈનિક કામના કલાકોની મર્યાદા ૯ થી વધારીને ૧૦ કલાક કરાઈ છે, ઓવરટાઈમ કામ કરવાની મહત્તમ મર્યાદા ત્રણ મહિનામાં કુલ ૧૨૫ કલાકથી વધારીને




૧૪૪ કલાક કરાઈ છે. અગાઉ ૧૦ કે તેથી વધારે કામદારોને બદલે હવે ૨૦ કે તેથી વધારે કામદારો ધરાવતી, દુકાનો અને સંસ્થાઓને આ કાયદો લાગુ પડશે. વિધાનસભા ગૃહમાં શ્રમ અને રોજગાર મંત્રી કુંવરજી બાવળિયા દ્વારા રાજ્યપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમનું સુધારા વિધેયક આજે રજૂ કરવામાં આવ્યું હતું. જેને ગૃહના સભ્યો દ્વારા સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું. આ બિલની ચર્ચા દરમિયાન ગૃહમાં ભારે હોબાળો થયો હતો, આમ આદમી પાર્ટીના ધારાસભ્યાએ ગૃહની કાર્યવાહીનું લાઈવ પ્રસારણ કરવાની માંગ સાથે પોસ્ટરો બતાવી વિરોધ વ્યક્ત કર્યો હતો.

# અકસ્માત સર્જી ફરાર થયેલ ટ્રાવેલ્સ ચાલકની ગણતરીની કલાકોમાં ધરપકડ

ગોંડલ, તા.૧૭

ગોંડલ શહેરના નેશનલ હાઈવે પર માલધારી હોટલ નજીક બે દિવસ પહેલા અકસ્માતની એક ઘટના બની હતી. અકસ્માત સર્જીને નાસી છૂટેલા ખાનગી ટ્રાવેલ્સના ચાલકને ગોંડલ બી ડિવિઝન પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે ગણતરીની કલાકોમાં ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ગોંડલ નેશનલ હાઈવે પર માલધારી હોટલ પાસે એક અજાણ્યા વાહને



અકસ્માત સર્જ્યો હતો, જેમાં વાહન ચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. પોલીસ માટે આ એક પડકાર હતો, પરંતુ ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો હતો. ગોંડલ બી ડિવિઝન પોલીસની ટીમે હાઈવે પરના અલગ-અલગ સીસીટીવી (CCTV) ફૂટેજની ઝીણવટભરી તપાસ કરી હતી. તપાસ દરમિયાન 'રાધા ક્રિષ્ના" લખેલી એક ખાનગી ટ્રાવેલ્સ શંકાના દાયરામાં આવી હતી. વાહનના નંબરના આધારે પોલીસે આરોપી ચાલક રવજીભાઈ જાદવભાઈ પરડવા (ઉંમર વર્ષ ૬૨) ગામ લીલાખા, તા. ગોંડલ વાળાની ઓળખ કરી તેને દબોચી લીધો હતો.

# 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'ના જાણીતા કલાકારોએ ખોડલધામ મંદિરે દર્શન કર્યા

રાજકોટ,તા.૧૭

જાણીતી ટીવી સિરિયલ 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'ના કલાકારોએ આજે શ્રી ખોડલધામ મંદિર-કાગવડ ખાતે મા ખોડલના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આ સિરિયલના જાણીતા કલાકારો કુશ શાહ (ગોલી), શરદ સાંકલા (અબ્દુલભાઈ), નીતિશ ભુલાણી (ટપુ), જતિન બજાજ (ભઈલુ) વગેરેએ મા ખોડલના ચરણોમાં શીશ ઝુકાવીને વિશેષ પૂજા-અર્ચના કરી હતી અને આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. કલાકારો મંદિરના ભવ્ય શિલ્પ સ્થાપત્ય, વિશાળ પરિસર અને સ્વચ્છતા જોઈને



અત્યંત પ્રભાવિત થયા હતા. ટ્રસ્ટ દ્વારા કલાકારોનું ખેસ પહેરાવીને અને મા ખોડલની પ્રતિમા આપીને ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. કલાકારોએ જણાવ્યું હતું કે, અહીં આવીને એક અનોખી શાંતિ અને દિવ્ય ઊર્જાનો અનુભવ થયો છે. ગુજરાત આવીને આ અદભુત મંદિરમાં દર્શન કરવાનો લ્હાવો મળ્યો તે સૌભાગ્યની વાત છે. માતાજીએ અમને અહીં બોલાવ્યા છે. દોડધામ ભરી જિંદગીમાંથી થોડો સમય કાઢીને માતાજીના દર્શને જરૂર સૌએ આવવું જોઈએ. આપણા મંદિરોમાં આપણી સંસ્કૃતિ અને ધર્મના દર્શન થાય છે. સમગ્ર મંદિર પરિસરમાં ખૂબ જ સુંદર સ્વચ્છતા અને વ્યવસ્થા છે. તે જોઈને પણ ખૂબ જ આનંદ થયો.મંદિર પરિસરમાં ઉપસ્થિત દર્શનાર્થીઓએ પણ પોતાના મનપસંદ કલાકારોને રૂબરૂ જોઈને ખુશી વ્યક્ત કરી હતી.

# ઉનાના નાળિયા માંડવી પાસે બે બાઈક વચ્ચે અકસ્માત : એક યુવકની હાલત ગંભીર

ઉના, તા.૧૭


તસવીર : કૈલાશ ભટ્ટ

ઉના તાલુકાના નાળિયા માંડવી ગામ પાસે બે મોટરસાયકલ સામસામે અથડાતા ગંભીર અકસ્માત સર્જાયો છે. આ દુર્ઘટનામાં ગરાળ ગામના મહેશ બાબુ સોલંકીને ગંભીર ઈજાઓ પહોંચી છે, જ્યારે ખડા ગામના પ્રવીણભાઈ અને મુકેશભાઈ બાંભણીયાને સામાન્ય ઈજા થઈ છે. પ્રાપ્ત વિગતો અનુસાર, બંને બાઈક વચ્ચે થયેલી જોરદાર ટક્કરને કારણે મહેશ સોલંકી રસ્તા પર ફેંકાઈ ગયા હતા. તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક ઉનાની સરકારી હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં મહેશની હાલત નાજુક જણાતા તેમને વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, નાળિયા માંડવી વિસ્તાર 'એક્સિડન્ટ ઝોન' હોવાથી સ્થાનિકોએ અહીં તંત્ર દ્વારા યોગ્ય સુરક્ષા પગલાં લેવાની માંગ કરી છે.

# કેન્દ્રીય આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવે એઆઈ સમિટમાં થયેલી અવ્યવસ્થાને લઈને માફી માંગી

નવી દિલ્હી,તા.૧૭

ભારત મંડપમ ખાતે યોજાયેલી એઆઈ સમિટના પહેલા દિવસે થયેલી અવ્યવસ્થા બદલ કેન્દ્રીય આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવે જનતાની માફી માંગી છે. તેમણે જણાવ્યું કે સરકાર ભાગ લેનારાઓને વધુ સારો અને સરળ



અનુભવ આપવા પ્રતિબદ્ધ છે. ૧૬ થી ૨૦ ફેબ્રુઆરી દરમિયાન યોજાઈ રહેલી આ સમિટમાં વિશ્વભરના અનેક નેતાઓ હાજરી આપી રહ્યા છે. વૈષ્ણવે કહ્યું કે મળેલો વિશાળ પ્રતિસાદ સકારાત્મક છે, પરંતુ કોઈને અસુવિધા થઈ હોય તો તે બદલ સરકાર ક્ષમા પ્રાર્થના છે. તેમણે પ્રતિભાવ આવકારતા સુધારા કરવાની ખાતરી આપી.


**પશ્ચિમ રેલવે**
**ભાવનગર મંડળ**

**સીસીટીવી કેમેરાઓની સપ્લાય, સ્થાપના, પરીક્ષણ અને કમિશનિંગ**

ભારતના રાષ્ટ્રપતિ તરફથી અને તેમના માટે મંડળ રેલવે મેનેજર (S & T), પશ્ચિમ રેલવે, ભાવનગર દ્વારા નીચે મુજબના કામ માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરવામાં આવે છે :**ટેન્ડર ક્રમાંક:** 55-2025Rકાર્યનું વર્ણન:ભાવનગર મંડળ હેઠળ ભાવનગર પારા ખાતેની રેલવે કોલોનીમાં સીસીટીવી કેમેરાઓની સપ્લાય, સ્થાપના, પરીક્ષણ અને કમિશનિંગ. **અંદાજીત ખર્ચ:** રૂ. 63,98,479.76/-(રૂપિયા ત્રેસઠ લાખ અઠ્ઠાણું હજાર ચારસો ઓગણ્યાસી રૂપિયા અને છિયોતેર પૈસા માત્ર)વધુ માહિતી માટે બિડર્સે ફક્ત www.ireps.gov.in વેબસાઈટ મારફતે ઓનલાઈન અરજી કરવી રહેશે. કૃપા કરીને www.ireps.gov.in પર મુલાકાત લો.ઓનલાઈન અરજી કરવાની અંતિમ તારીખ: 10/03/2026 ના રોજ બપોરે 15:00 વાગ્યા સુધી. BVP 273

અમને લાઈક કરો: facebook.com/WesternRly


## -//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી લીલીયાની કોર્ટમાં //-

જન્મ રજી.નં.૦૮/૨૦૨૬

શ્રી હસમુખભાઈ ભાયાભાઈ વાળા
રહે.આંબા તા.લીલીયા જિ.અમરેલી
........અરજદાર

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી, આંબા ........સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદરાશ્રી હસમુખભાઈ ભાયાભાઈ વાળાના પુત્ર વિવેક હસમુખભાઈ વાળાનો જન્મ તા.૨૬/૦૪/૨૦૨૦ના રોજ આંબા મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૭/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**લીલીયા**

## -//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી લીલીયાની કોર્ટમાં //-

જન્મ રજી.નં.૧૧/૨૦૨૬

શ્રી સાયરા ડો/ઓ હનીફભાઈ ધાનાણી વા/ઓ રીયાઝ ઈકબાલભાઈ બોરીગવાલા
મુ.તા.લીલીયા જિ.અમરેલી હાલઃ- સુરત-પહેલા માળ ફ્લેટ નં. ૧૦૨ મોગલ મહેલની સામે,
યુનિવર્સલ રેસી.તુર્કીવાડ, મુગલીસરા, સોદાગરાવાડ રોડ, સુરત-૩૯૫૦૦૩ ........અરજદાર

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી, લીલીયા મોટા ........સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદરાશ્રી સાયરા હનીફભાઈ ધાનાણીનો પોતાનો જન્મ તા.૦૪/૦૭/૧૯૮૮ના રોજ લીલીયા મોટા મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૭/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**લીલીયા**

## -//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી લીલીયાની કોર્ટમાં //-

જન્મ રજી.નં.૦૫/૨૦૨૬

શ્રી પારવતીબેન બચુભાઈ ખસીયા
રહે.હરીપુર તા.લીલીયા જિ.અમરેલી
હાલઃ- ઘોઘારીની વાડી, રૂપાવટી રોડ, ગારીયાધાર ........અરજદાર

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી, હરીપુર ........સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદરાશ્રી પારવતીબેન બચુભાઈ ખસીયાનો પોતાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૦ના રોજ હરીપુર મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા.૦૭/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**લીલીયા**

## -//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી લીલીયાની કોર્ટમાં //-

જન્મ રજી.નં.૨૦/૨૦૨૬

શ્રી હિનાબેન ધીરૂભાઈ આસોદરીયા
રહે.હરીપુર તા.લીલીયા જિ.અમરેલી
હાલઃ- મુ.આંબાતલાવડી, અક્ષરધામ, સુરત ........અરજદાર

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી, હરીપુર ........સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદરાશ્રી હિનાબેન ધીરૂભાઈ આસોદરીયાનો પોતાનો જન્મ તા.૨૧/૦૬/૧૯૮૩ના રોજ હરીપુર મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૭/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**લીલીયા**

## -//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી લીલીયાની કોર્ટમાં //-

જન્મ રજી.નં.૧૫/૨૦૨૬

શ્રી સુરેશભાઈ વીરજીભાઈ આલગીયા
રહે.હરીપુર તા.લીલીયા જિ.અમરેલી
હાલઃ- ૪૦ ધર્મિષ્ઠા પાર્ક સોસા. મીની બજાર, વરાછા સુરત ........અરજદાર

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી, હરીપુર ........સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદરાશ્રી સુરેશભાઈ વીરજીભાઈ આલગીયાનો પોતાનો જન્મ તા.૨૩/૧૨/૧૯૭૯ના રોજ હરીપુર મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૭/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**લીલીયા**

## -//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી લીલીયાની કોર્ટમાં //-

જન્મ રજી.નં.૧૪/૨૦૨૬

શ્રી રાજેશભાઈ ડાયાભાઈ ધાનાણી
મુ.લોંકા તા.લીલીયા જિ.અમરેલી હાલઃ- સુરત ઠે.એ.૬૦૨, વિક્ટોરીયા ક્રાઉન, નીલકંઠ
લક્ઝુરીયા પાસે, ગઢપુર રોડ, સરથાણા, પીન કોડ નં.૩૯૫૦૦૬ તા.જિ.સુરત ........અરજદાર

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી, લોંકા ........સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદરાશ્રી રાજેશભાઈ ડાયાભાઈ ધાનાણીનો પોતાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૫ના રોજ લોંકા મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૭/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**લીલીયા**

## -//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી લીલીયાની કોર્ટમાં //-

જન્મ રજી.નં.૦૩/૨૦૨૬

શ્રી પ્રતાપભાઈ હકુભાઈ વિંજવા
રહે.પીપળવા તા.લીલીયા જિ.અમરેલી
........અરજદાર

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી, પીપળવા ........સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદરાશ્રી પ્રતાપભાઈ હકુભાઈ વિંજવાનો પોતાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૧ના રોજ પીપળવા મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૦૭/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સિક્કો કરીને આપ્યો.

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**લીલીયા**

**-:: જાહેર નોટીસ ::-**

## -//એકઝીક્યુટીવમેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર//-

અરજી નં.60/2026
જન્મ તારીખ : 08/06/1987

શ્રી હલીમાબેન ઈસ્માઈલભાઈ ભેસલિયા,
રહે.મુળ દ્વારકા ગામ-મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
.....અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ ...**સામાવાળા**

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી હલીમાબેન ઈસ્માઈલભાઈ ભેસલિયા, રહે.મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી ઈસ્માઈલભાઈ મુસાભાઈ ભેસલીયા તથા હલીમાબેન ઈસ્માઈલભાઈ ભેસલીયા ના પુત્ર અસલમભાઈ ઈસ્માઈલભાઈ ભેસલીયાનો જન્મ તારીખ.08/06/1987ના રોજ કોડીનાર તાલુકાના મુળ દ્વારકા મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૦/૦૨/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

**હુકમથી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

**-:: જાહેર નોટીસ ::-**

## -//એકઝીક્યુટીવમેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર//-

અરજી નં.59/2026
જન્મ તારીખ : 01/06/1994

શ્રી હલીમાબેન ઈસ્માઈલભાઈ ભેસલિયા,
રહે.મુળ દ્વારકા ગામ-મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
.....અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ ...**સામાવાળા**

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી હલીમાબેન ઈસ્માઈલભાઈ ભેસલિયા, રહે.મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી ઈસ્માઈલભાઈ મુસાભાઈ ભેસલીયા તથા હલીમાબેન ઈસ્માઈલભાઈ ભેસલીયા ના પુત્રી રેશમાબેન ઈસ્માઈલભાઈ ભેસલીયાનો જન્મ તારીખ.01/06/1994ના રોજ કોડીનાર તાલુકાના મુળ દ્વારકા મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૦/૦૨/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

**હુકમથી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

### અમરેલી ફૂડ વિભાગ દ્વારા પ્રાથમિક રીપોર્ટમાં દૂધનો ટેસ્ટ નિષ્ફળ રહેતા

# વડીયા પંથકમાંથી પકડાયેલા નકલી દૂધને તંત્ર દ્વારા ઢોળી દેવાયુ

અમરેલી,તા.૧૭

વડીયા પંથકમાંથી ગત રાત્રિના રોજ આમ આદમી પાર્ટીના નેતા દ્વારા દુધનું ટેન્કર ઝડપી વડીયા પોલીસ સ્ટેશને સોંપી દેવાયા બાદ આ ટેન્કરમાં દુધ નકલી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો જેથી અમરેલી ફુડ એન્ડ ડ્રગ્સની ટીમ દ્વારા દુધના નમુના લેવામાં આવતા આ દુધ નકલી હોવાનો પ્રાથમિક રીપોર્ટ આવતા દુધનો નાશ કરાયો હતો. સોમવારની રાત્રિના સમયે હનુમાન ખીજડીયા પાસેથી આપ નેતા યુવરાજસિંહ સહિતના આગેવાનોએ ૧૦ હજાર લીટર દુધ ભરેલુ ટેન્કર ઝડપી પાડ્યુ હતુ. આ ટેન્કરમાં દુધ નકલી હોવાના આક્ષેપ સાથે વડીયા પોલીસને ટેન્કર સોંપી દેવામાં આવ્યું હતુ. આ ઘટનાની જાણ અમરેલી ફુડ સેફટી વિભાગને કરવામાં આવતા ફુડ સેફટી ઓફિસર કલસરીયા સહિતનો સ્ટાફ વડીયા પહોંચી ગયો હતો અને દુધના સેમ્પલ લઈ તપાસ કરવામાં આવતા પ્રાથમિક રીપોર્ટમાં દુધ નકલી હોવાનુ જાણવા મળ્યુ હતુ. જેથી રાત્રીના બે વાગ્યાની આસપાસ ડમ્પીંગ સાઈટ પર ૧૦ હજાર લીટર દુધને ઢોળી દેવામાં આવ્યું હતુ. જો કે આ દુધ કોનુ હતુ અને કઈ જગ્યાએ જતુ હતુ તે બાબત વડીયા પોલીસ તપાસ કરશે. હાલ તો ૧૦ હજાર લીટર દુધ નકલી હોવાથી તેનો નાશ થતા સમગ્ર જિલ્લામાં બનાવટી દુધને લઈ ખળભળાટ મચી જવા પામ્યો છે.


તસવીર : મયુર પંડયા

# દાહોદ-અમદાવાદ હાઈવે પર ગમખ્વાર અકસ્માત કાર થાંભલા સાથે અથડાતા ત્રણના કરૂણ મોત

અમદાવાદ, તા.૧૭

દાહોદ-અમદાવાદ હાઈવે પર લીમખેડાના ઢઢેલા નજીક એક ભયાનક અકસ્માત સર્જાયો છે. મહારાષ્ટ્રથી આવી રહેલી એક એસયુવી કારના ચાલકે વળાંક પર સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવતા કાર પહેલા ડિવાઈડર અને ત્યારબાદ ઈલેક્ટ્રિક થાંભલા સાથે જોરદાર અથડાઈ હતી. આ ટક્કર એટલી પ્રચંડ હતી કે વીજળીના થાંભલાના ટુકડા થઈ ગયા હતા અને કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. આ દુર્ઘટનામાં બે લોકોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા, જ્યારે ગંભીર રીતે ઘવાયેલા ચાલકનું સારવાર દરમિયાન મોત થયું હતું. અકસ્માત બાદ કારમાં ફસાયેલા મૃતદેહોને બહાર કાઢવા માટે સ્થાનિકોએ ટ્રેક્ટરની મદદ લેવી પડી હતી. મધ્યરાત્રિએ સર્જાયેલા આ અકસ્માતની જાણ થતા જ ૧૦૮ એમ્બ્યુલન્સ અને પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે લીમખેડા અને દાહોદ ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.



# અમદાવાદ શહેરમાં ચૂંટણી ખર્ચ અને મોજશોખ માટે ચોરી કરતી રાજસ્થાનની બે ગેંગ ઝડપાઈ

અમદાવાદ, તા.૧૭

અમદાવાદ શહેરના પોશ વિસ્તારોમાં ઘરફોડ ચોરી કરતી બે મોટી ગેંગનો ઝોન-૧ LCBએ પર્દાફાશ કર્યો છે. ઘાટલોડિયાની નિકિતા પાર્ક સોસાયટીમાં ૩૮ લાખની ચોરીના કેસમાં રાજસ્થાનના દિનેશ મીણાની ધરપકડ કરાઈ છે. ચોંકાવનારો ખુલાસો થયો છે કે, રાજસ્થાનના ડુંગરપુરમાં સરપંચની ચૂંટણી જીતવા અને તેનો ખર્ચ કાઢવા માટે આ ટોળકીએ ચોરીનો પ્લાન ઘડ્યો હતો. બીજી તરફ, નવરંગપુરાના નક્ષત્ર એપાર્ટમેન્ટમાં ૨૩ લાખની ચોરી કરનાર ફરહાન પઠાણ અને ફરાઝ અંસારીની ટોળકી પણ ઝડપાઈ છે. આ શખ્સો ડિલિવરી બોય બનીને રેકી કરતા અને ચોરીના પૈસાથી ગોવા-મુંબઈમાં એશ-આરામ કરતા હતા. પોલીસે લાખોનો મુદ્દામાલ કબજે કરી ફરાર અન્ય આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે. આ કામગીરી માટે પોલીસે ૨૦૦થી વધુ CCTV ફૂટેજ તપાસ્યા હતા.

# અરબી સમુદ્રમાં ગુજરાત ATS અને કોસ્ટ ગાર્ડનું સફળ ઓપરેશન : ૨૦૦ કિલો ડ્રગ્સ સાથે બે ઈરાની ઝડપાયા

અમદાવાદ, તા.૧૭

ગુજરાતના દરિયાકાંઠે નશીલા પદાર્થો ઘુસાડવાના વધુ એક મોટા પ્રયાસને ગુજરાત એટીએસ (ATS) અને ભારતીય કોસ્ટ ગાર્ડે સંયુક્ત ઓપરેશન હાથ ધરી નિષ્ફળ બનાવ્યો છે. અરબી સમુદ્રમાં મધદરિયે હાથ ધરાયેલી આ કાર્યવાહીમાં ૨૦૦ કિલો ડ્રગ્સના જથ્થા સાથે બે ઈરાની નાગરિકોની ધરપકડ કરવામાં આવી છે. ચોક્કસ બાતમીના આધારે પોરબંદરના દરિયાકાંઠે સર્વેલન્સ વધારી દેવામાં આવ્યું હતું. આ સુનિયોજિત ઓપરેશન દરમિયાન શંકાસ્પદ બોટને આંતરીને તપાસ કરતા તેમાંથી કરોડોની કિંમતનું ડ્રગ્સ મળી આવ્યું હતું. આ જથ્થો હાલ પોરબંદર જેટી પર લાવવાની કાર્યવાહી ચાલી રહી છે. પ્રાથમિક તપાસ મુજબ, આ ડ્રગ્સ કયા દેશમાંથી મોકલવામાં આવ્યું હતું અને ભારતમાં કોને પહોંચાડવાનું હતું તે દિશામાં સુરક્ષા એજન્સીઓએ સઘન તપાસ શરૂ કરી છે. પકડાયેલા ઈરાની ડ્રગ પેડલરોની પૂછપરછમાં આંતરરાષ્ટ્રીય ડ્રગ સિન્ડિકેટના મોટા ખુલાસા થવાની શક્યતા છે. દરિયાઈ માર્ગે થતી આવી ગેરકાયદે પ્રવૃત્તિઓ રોકવા માટે એજન્સીઓ હાલ હાઈ-એલર્ટ પર છે.



# જૂનાગઢમાં મૃગીસ્નાન કરતી વખતે ઝડપાયેલી કીર્તિ પટેલનો ઈન્દ્રભારતી બાપુ સામે મોરચો

જૂનાગઢ, તા.૧૭

સોશિયલ મીડિયા સ્ટાર કીર્તિ પટેલના વિવાદોનો નાતો ફરી એકવાર ઘેરો બન્યો છે. જૂનાગઢના ભવનાથમાં મૃગી કુંડમાં સ્નાન કરવાના વિવાદ બાદ કીર્તિ પટેલે હવે ઈન્દ્રભારતી બાપુ સામે મોરચો માંડ્યો છે. તેણે સોશિયલ મીડિયા પર આક્રમક પોસ્ટ કરીને ચીમકી આપી છે કે, "હું શબ્દોથી ખરાબ હોઈ શકું, પણ બાપુ શું કરે છે તે આખી દુનિયાને બતાવીશ." કીર્તિએ આક્ષેપ કર્યો છે કે મૃગી કુંડમાં સ્નાન મામલે માત્ર તેની સામે જ કાર્યવાહી કેમ કરવામાં આવી? તેણે બાપુના અન્ય શિષ્યોને 'પાપી' ગણાવી નિયમોમાં પક્ષપાત થતો હોવાનો દાવો કર્યો છે. વધુમાં તેણે જણાવ્યું કે તે ભગવા વસ્ત્રોની કદર કરે છે, પરંતુ બાપુ પાછળના જે રહસ્યો છે તે ટૂંક સમયમાં પુરાવા સાથે જાહેર કરશે. આ વિવાદને પગલે સાધુ સમાજ અને સમર્થકોમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

# દાહોદ અને નર્મદા જિલ્લામાં કૃપોષિત બાળકોની સંખ્યા ૩૦ હજારને પાર


ગાંધીનગર,તા,૧૬

દાહોદ અને નર્મદા જિલ્લામાં કુપોષિત બાળકોના આંકડા સામે આવ્યા છે. જેમાં બે જિલ્લામાં કુપોષિત બાળકોની સંખ્યા ૩૦,૮૪૭ હોવાનું સામે આવ્યું છે. આ પ્રશ્નના જવાબમાં સરકાર દ્વારા જણાવ્યું હતું કે, બાળકોમાં કુપોષણ દૂર કરવા ફળ, બાલશક્તિ, દૂધ સંજીવની ના પેકેટ સહિતની કામગીરી, બે વર્ષ માં દાહોદ જિલ્લામાં ૩૧૭૨૭ કુપોષિત બાળકો ઘટ્યા, નર્મદા જિલ્લા માં પણ ૨૭૪૪ કુપોષિત બાળકોની સંખ્યા ઘટી હોવાનો દાવો કર્યો હતો.ગુજરાત વિધાનસભાના બજેટ સત્રમાં પુછાયેલા પ્રશ્નના જવાબમાં મંત્રીએ જણાવ્યું હતું કે દાહોદ અને નર્મદા જિલ્લામાં કુપોષિત બાળકોના આંકડા સામે આવ્યા છે. બે જિલ્લામાં કુપોષિત બાળકોની સંખ્યા ૩૦૮૪૭ હોવાનું સામે આવ્યું છે. નર્મદા જિલ્લામાં ૧૧,૨૫૩ તો દાહોદ જિલ્લામાં ૧૯૫૯૪ કુપોષિત બાળકો હોવાનું સામે આવ્યું છે.

# વડોદરામાં ડ્રેનેજ લાઈનની કામગીરીમાં બે કર્મીઓના મોત, કોન્ટ્રાક્ટર કંપની સામે FIR

વડોદરા, તા.૧૭

વડોદરા નજીક ખટંબા ગામમાં ડ્રેનેજ લાઈનની કામગીરી દરમિયાન સર્જાયેલી દુર્ઘટનામાં બે કર્મચારીઓના મોત મામલે પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. કોઈપણ સુરક્ષા સાધનો વગર કર્મચારીઓને ગટરની ચેમ્બરમાં ઉતારવા બદલ વરણા પોલીસે બેદરકારીનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. મૃતકોમાં પ્રોજેક્ટ મેનેજર વિપુલ માંગરોલિયા અને લાઈનમેન અક્ષયભાઈનો સમાવેશ થાય છે. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, મહેસાણાની 'જયંતિ સુપર કન્સ્ટ્રક્શન' અને 'ગ્રીસવા ઈન્ફ્રા' કંપની દ્વારા સેફ્ટીના સાધનો પૂરા પાડવામાં આવ્યા નહોતા. ઉલ્લેખનીય છે કે, જયંતિ સુપર કન્સ્ટ્રક્શન કંપની અગાઉ સુરતમાં હલકી ગુણવત્તાની પાણીની ટાંકી બનાવવાના કેસમાં પણ વિવાદમાં આવી ચૂકી છે. પોલીસે હાલ એટ્રોસિટી એક્ટ અને બેદરકારીથી મોત નિપજાવવા બદલ ફરિયાદ નોંધી છે. વરણા પોલીસ હવે ટ્રાન્સફર વોરંટના આધારે જેલમાં રહેલા કંપનીના માલિકની ધરપકડ કરશે. આ સાથે જ 'વુડા' (VUDA) ના એન્જિનિયરોની પણ પૂછપરછ કરી દસ્તાવેજી પુરાવા એકત્ર કરવામાં આવી રહ્યા છે.



## ધો.૧૦-૧૨ના પરિક્ષાર્થીઓની હોલ ટિકિટ ડાઉનલોડ કરી શકાશે

ગાંધીનગર,તા.૧૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ના લાખો વિદ્યાર્થીઓ માટે એક મહત્ત્વની અપડેટ સામે આવી છે. ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ, ઉ.બુનિયાદી પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ અને સંસ્કૃત માધ્યમ)ની પરીક્ષા ૨૬ ફેબ્રુઆરીથી શરુ થવાની છે. ત્યારે વિદ્યાર્થીઓ ૧૭ ફેબ્રુઆરીથી હોલ ટિકિટ ડાઉનલોડ કરી શકે છે. પરીક્ષાર્થીઓની હોલ ટિકિટ બપોરે ૧૫:૦૦ કલાકથી બોર્ડની વેબસાઈટ gseb.rog પર ઉપલબ્ધ કરાઈ છે. હોલ ટિકિટમાં વિષય, માધ્યમ કે નામમાં કોઈ ભૂલ હોય તો તુરંત બોર્ડની કચેરીએ જાણ કરવી અનિવાર્ય છે.તાજેતરની અપડેટ મુજબ, ગુજરાત બોર્ડની મુખ્ય પરીક્ષાઓ ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૬થી શરુ થઈને ૧૮ માર્ચ ૨૦૨૬ સુધી ચાલશે. અગાઉ જાહેર કરાયેલા સમયપત્રકમાં કેટલાક વહીવટી કારણોસર ફેરફાર કરવામાં આવ્યો છે, જેમાં ૪ માર્ચની પરીક્ષા હવે ૧૮ માર્ચના રોજ લેવામાં આવશે. ધોરણ ૧૦ની પરીક્ષા સવારના ૧૦:૦૦થી ૧:૧૫ અને ધોરણ ૧૨ની પરીક્ષા બપોરના ૩:૦૦થી ૬:૧૫ના સેશનમાં લેવામાં આવશે.


MODI SCHOOL
Rajkot(Regular+Boarding), Jamnagar

JEE MAIN-2026 (January Attempt)

गुजरात मैं श्रेष्ठ परिणाम की पहचान है मोदी स्कूल

99.90+ PR ▸ 12 Students | ગુજરાતમાં સૌથી વધુ

Gujarat Board English Medium: 99+PR ▸ 22 Students
Jagrut Modi 99.99 PR
Bhavya Raiyani 99.95 PR
Ayush Ajudiya 99.93 PR
Om Menpara 99.92 PR
Sibanshiva Ladva 99.90 PR

ગુજરાત બોર્ડ ગુજરાતી માધ્યમ: 99+PR ▸ 16 વિદ્યાર્થીઓ
મોક્ષરાજસિંહ જાડેજા 99.98 PR
સુજલ સાધરીયા 99.96 PR
જય સરધારા 99.94 PR
99.00+PR ▸ 63 Students
98.00+PR ▸ 104 Students
95.00+PR ▸ 232 Students

CBSE: 99+PR ▸ 25 Students
Smit Sidapara 99.96 PR
Mantra Jani 99.93 PR
Akshatsingh Chandel 99.92 PR
Parth Vora 99.90 PR
આ પરીણામ માત્ર A ગ્રુપનાં JEE ની તૈયારી કરતા વિદ્યાર્થીઓનું છે

ADMISSION OPEN CBSE GSEB Nursery to Std. 12 Science | Commerce | Arts
Rajkot Branch 70690 05242 | Boarding Branch 70690 05288 | Jamnagar Branch 70697 80808



HONDA The Power of dreams
સ્ટાફ જોઈએ છે
સપનાઓ થશે સાકાર...
(1) સેલ્સ એક્ઝિક્યુટીવ (Girl).....03
(2) હેલ્પર.................................04
(3) મિકેનિક..............................02
રસ ધરાવતા વ્યકિતઓએ રૂબરૂ સંપર્ક કરવો
સંપર્ક સમય : સવારે ૧૧:૦૦ થી ૧૨:૦૦, સાંજે ૫:૦૦ થી ૭:૦૦
પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ,
અમરેલી, Mo. 8200500295, 8000230447
રીઝયુમ parikhautomobilesamreli@gmail.com ઉપર મોકલશો



નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
અમરેલી - ૩૬૫ ૬૦૧
ફોન નં: (૦૨૭૯૨) ૨૨૩૫૫૭ / ૨૩૦૫૫૭
સોનાના ૨૨ કેરેટ હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે
6356560000
મીસકોલ કરો અને SMS થી ભાવ જાણો.